
જૈન-દર્શન પરિચય શ્રેણી-૨-૧

# ભગવાન ઋષભદેવ

કુમારપાળ દેસાઈ





શ્રી. યુ. એન. મહેતા અને શ્રીમતી શારદાબહેન યુ. મહેતા

જૈનદર્શન-પરિચયશ્રેણી

શ્રેણી ૨ : પુસ્તક ૧

# ભગવાન ઋષભદેવ

લેખક

કુમારપાળ દેસાઈ

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,

જયભિખ્ખુ માર્ગ, પાલડી,

અમદાવાદ–૩૮૦ ૦૦૭

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ ૧૯૮૭
સર્વ હક્ક લેખકના
પુસ્તકની કિંમત : ૫ રૂ., ચાર પુસ્તકના સેટની કિંમત : ૨૦ રૂ.

---

□

---

પ્રકાશક : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

---

□

---

મુદ્રક : શિવલાલ જેસલપુરા, ગિરીશ જેસલપુરા : સ્વાતિ પ્રિન્ટિંગ પ્રેસ
૧૩, તેજપાલ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

---

□

---

મુખ્ય વિક્રેતા : આદર્શ પ્રકાશન, જુમ્મા મસ્જિદ સામે, ગાંધી રોડ
અમદાવાદ-૩૮૦ ૦૦૧

---

## હૂંફાળો આવકાર

જૈનદર્શન-પરિચયશ્રેણીની બીજી શ્રેણી પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ. સરળ અને પ્રવાહી શૈલીમાં ધર્મ વિશેની સાચી સમજ કેળવાય તે રીતે જૈનદર્શનની વ્યાપક ભાવનાઓ આપવાનો અમે પ્રયાસ કર્યો છે. જૈન-દર્શનનાં અનેકવિધ પાસાંઓ અને એ ભવ્ય શાશ્વત દર્શનથી પોતાનું જીવનઘડતર કરનારી વિભૂતિઓનો પરિચય આપવાનો હેતુ અહીં રખાયો છે. આ યોજના અન્વયે પચાસ પુસ્તકો પ્રગટ કરવાનો અમારો આશય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે આ પ્રકાશનમાં ટોરન્ટ લેબોરેટરીઝના સેવાભાવી અગ્રણી શ્રી યુ. એન. મહેતાનો સાથ અને સહકાર સાંપડયો છે.

માનવજાતિને પ્રેરણા આપનારા ધર્મતત્ત્વની સાચી સમજ આપનારા તત્ત્વની આજે ખૂબ જરૂર છે. આજે ધર્મની વાતો ઘણી થાય છે. ક્રિયાઓ અને ઉત્સવો થાય છે. ક્યાંક રૂઢિ અને પરંપરાઓના જડ ચોકઠામાં ધર્મને સંકુચિત બનાવી દેવામાં આવ્યો છે, તો ક્યાંક ધર્મ સ્વાર્થી હેતુ માટેનું સાધન બની ગયો છે ત્યારે ધર્મપુરુષોનું જીવન અને માનવતાનાં મૂલ્યો પ્રગટાવતી જૈનદર્શન-પરિચયશ્રેણી સહુને ગમી જશે તેવી શ્રદ્ધા છે. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન બોર્ડિંગ જેવી સંસ્થાઓએ આ પ્રવૃત્તિમાં અમને હૂંફ આપી છે. પ્રથમ શ્રેણીને જે સુંદર આવકાર મળ્યો છે એથી અમારી આ પ્રવૃત્તિને નવો વેગ મળ્યો છે.

—પ્રકાશક

## શ્રી યુ. એન. મહેતા અને શ્રીમતી શારદાબહેન યુ. મહેતા
## જૈનદર્શન-પરિચયશ્રેણી
## બીજી શ્રેણી

૧

ભગવાન ઋષભદેવ

લેખક : શ્રી કુમારપાળ દેસાઈ

૨

કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય

લેખક : શ્રી રમણલાલ ચી. શાહ

૩

ભગવાન પાર્શ્વનાથ

લેખક : સુનંદાબહેન વોહોરા

૪

રાજા શ્રીપાળ

લેખક : "જયભિખ્ખુ"

---

### પ્રથમ શ્રેણીનાં ચાર પુસ્તકો

૧. ભગવાન મહાવીર
૨. ગુરુ ગૌતમસ્વામી
૩. શ્રીમદ્ રાજચંદ્ર
૪. ક્ષમાપના

# ભગવાન ઋષભદેવ

□

સુંદર એવી કથા છે.

પવિત્ર એવું પર્વ છે.

અનુમોદનાર-આરાધનાર, વાંચનાર-સુણનાર, કરનાર-કરાવનાર સહુનું આ ભવનું તેમ જ પરભવનું-ભવોભવનું કલ્યાણ થાય તેવી આ કથા છે.

જયવંતો જંબૂદ્વીપ છે. ભવ્ય એવો ભરતખંડ છે. પવિત્ર એવી સરયૂ નદી છે. એ સરિતાને કાંઠે નગરીઓમાં મોટી એવી વિનીતાનગરી છે.

ધરતી માતાની એ કથા. પ્રથમ શ્રેષ્ઠ માનવપુત્રની એ કથા !

અમૃત જેવાં ફૂલ લૂંબેઝૂંબે ઊગતાં. શેરડીના રસ જેવાં જળ બધે વહેતાં. ધરતીમાં રસકસ હતા, પણ માનવીના જીવનમાં પરિવર્તન આવતું હતું. સ્નેહ, સૌમ્યતા અને સરળતાને સ્થાને સંઘર્ષ, વિવાદ અને સંગ્રહવૃત્તિ વધતાં હતાં.

એક દિવસ જંગલમાં હોહા મચી ગઈ. ભયંકર એવું એક જાનવર આવ્યું. જાણે હરતોફરતો પહાડ

આવ્યો. એ પડછંદ પ્રાણી ઝાડને દાતણની ચીરીની જેમ ફેંકી દે. કેવું મોટું એનું નાક! કેવા જાડા એના પગ! કેવા મોટા એના કાન!

લોકો ડરી ગયા. ભયનું રાજ જામી ગયું. લોકોએ એને હાથીનું નામ આપ્યું. એને ભયનો દેવ માની સૌ પૂજવા લાગ્યા.

થોડે દિવસે એ જંગલમાં એક પુરુષ આવ્યો. હાથીથી સાવ નાનો, પણ અજબગજબ માણસ! હાથીને જોઈને ડર લાગે. આ માણસને જોઈને હેત જાગે.

પ્રેમનો સાગર એવો પેલો માનવી સહુને ગમી ગયો. બધા એની આજુબાજુ ટોળે વળ્યા.

એટલામાં ટેકરાઓને તોડતો, ઝાડના ભુક્કા બોલાવતો પેલો ભયંકર હાથી આવી પહોંચ્યો. એને જોઈ સિંહ ભાગ્યો. સર્પ ભાગ્યો. રીંછ ભાગ્યું. અરે! આ તો દેવનો દેવ આવ્યો!

લોકો બોલ્યા: 'અલ્યા, જીવતું મોત આવ્યું! ભાગો!'

બધા ઊભા થઈને મૂઠીઓ વાળી ભાગ્યા.

ન ભાગ્યો ફક્ત પેલો માનવી! ઊલટો એ તો મીઠી વાણી બોલતો હાથીની સામે ગયો, જાણે જીવતા મોતને ભેટવા ચાલ્યો. એણે કહ્યું કે, 'બીક એવી છે કે જે બીએ એને બિવરાવે. ખરો માણસ કોઈથી બીતો નથી તેમ કોઈને બિવરાવતો પણ નથી.'

દૂર ઊંચે બખોલમાં ભરાઈ બેઠેલા લોકોએ આ અજબ બનાવ જોયો. એમને જૂની આંખે નવો તમાશો લાગ્યો.

હાથી ભયંકર હુંકાર કરતો આગળ ધસતો હતો.

પેલો માનવી પ્રેમની ભાષા બોલતો એની સામે જતો હતો, જાણે મિત્રને ભેટવા જતો ન હોય!

અરે! આ કદાવર રાક્ષસ હમણાં તરણાની જેમ પેલા મીઠા માનવીને ફગાવી દેશે, પગ નીચે ચગદી નાખશે! પણ વાહ!

ભય પાસે પ્રેમ જીત્યો. હિંસા સામે સ્નેહે વિજય મેળવ્યો. ઇતિહાસનું નવું પાનું એ દિવસે અહિંસા–પ્રેમથી અંકિત થયું. સાચા પ્રેમે ભયને પોતાનો દાસ બનાવ્યો.

'પ્રાણીમાત્રનો હું મિત્ર!' એ ભાવનાએ એ દિવસે પૃથ્વીની સિકલ બદલી.

હાથી જેવો હાથી પાળેલી ગાય જેવો બની ગયો. એના દેહનું સામર્થ્ય પેલા માનવીના આત્માના ગજબ સામર્થ્ય પાસે ગળી ગયું. લોકોએ દેહમાં છુપાઈને રહેલી એક અજાણી શક્તિનાં દર્શન કર્યાં.

પશુએ સૂંઢ નમાવી. માનવીએ પ્રેમથી પંપાળી. પશુએ માનવીમાં પોતાનો મિત્ર જોયો. એ નમ્યો. માનવીને ઉપાડી પોતાની પીઠ પર લીધો. બધે જયજયકાર થઈ ગયો.

એ મહામાનવીનું નામ વિમલવાહન!

વિમલવાહનની આજુબાજુના લોકો ટોળે વળ્યા. પણ ટોળાથી કાંઈ કામ ન ચાલે. ટોળામાંથી પ્રજા ઘડવી જોઈએ એટલે વિમલવાહને એમને વ્યવસ્થિત કર્યાં. એમનાં કુળ રચ્યાં.

કુળના **રચનાર** વિમલવાહન પ્રથમ કુલકર કહેવાયા. હવે તો વનજંગલો છોડી માણસો પાસે પાસે આવી રહેવા લાગ્યાં. પડોશી બન્યાં. કુળની મર્યાદા સમજવા લાગ્યાં. કુળકર કહે તેમ કરવા લાગ્યાં. પણ હવે વનજંગલો ઓછાં પડવા લાગ્યાં. એટલે ઝઘડા થવા લાગ્યાં. "ઝાઝા હાથ રળિયામણા ને ઝાઝાં મોં અદીઠ' જેવું થયું.

કુળકરે સહુને વહેંચીને ખાવાનો, મહેનત કરીને મેળવવાનો સંદેશ આપ્યો.

પ્રથમ કુળકર ગયા, બીજા કુળકર આવ્યા. એમ છ કુળકર થઈ ગયા.

આ છ કુળકરોએ બધાં માનવકુળો માટે ધીરે ધીરે ત્રણ દંડનીતિ નક્કી કરી.

પહેલી 'હકાર'ની : 'અરે! આ શું કરો છો?'

આટલો ઠપકો સાંભળતાં માણસનું જાણે માથું કપાઈ જતું; પણ ધીરે ધીરે માણસ એનાથી ટેવાઈ ગયો. એટલે પછી બીજી નીતિ આવી :

'મકાર'ની : 'આવું ન થાય!'

આ મકાર સાંભળતાં માનવીના હૈયાને ભારે ધક્કો

પહોંચતો, પણ ધીરે ધીરે માણસ એનાથી પણ ટેવાઈ ગયો. એટલે ત્રીજી નીતિ આવી :

'ધિક્કાર'ની : 'રે, ધિક્! તેં શું કર્યું ?'

આ ધિક્કારના શબ્દો માણસને જીવતો ને જીવતો ભોંમાં ભંડારી દેવા જેવા લાગતા.

આ ત્રણ નીતિના આધારે સાતમા કુળકર નાભિદેવ સુધી વ્યવસ્થા ચાલી. નાભિદેવને ત્યાં એક પુત્રનો જન્મ થયો.

તે વૃષભધ્વજ, ઋષભદેવ.

*

એ સમયે પોતે રાજકુમાર હતા.

એક વાર લોકો આવ્યા. કહે, 'આ ઝાડ-પાનનો ખોરાક ફાવતો નથી! ફળ-ફૂલ પચાવવામાં ભારે પડે છે!'

વૃષભધ્વજે માર્ગ બતાવ્યો :

'બે હથેળીમાં રાખી મસળો. પાણીમાં પલાળો!'

એમ કર્યું, પણ થોડે દિવસે એનાથીય દોષ દૂર ન થયો.

લોકો નાના બાળકની જેમ નાની-મોટી ફરિયાદો લઈને આવે, ને પોતે એને પ્રેમથી દૂર કરે. અજ્ઞાન પર કદી ક્રોધ ન હોય, કરુણા હોય.

એક દિવસ વનમાં આગ લાગી. વાઘવરુ જેમ આગથી આજે પણ ડરીને નાસે છે, એમ માણસ પણ એને દૈત્ય ગણી ઊભે પગે મૂઠીઓ વાળીને ભાગતો.

લોકો દોડતા આવ્યા ઋષભધ્વજની પાસે. એમણે સમજાવ્યું કે માણસનું માણસ સિવાય કોઈ દૈત્ય કે દેવ બગાડી શકતું નથી. આ તો અગ્નિ છે, એને જાળવતાં આવડે, તો એ તમારા દાસની જેમ તમારી સેવા કરશે. પૃથ્વી, પાણી, અગ્નિ, આકાશ, વાયુ કે કોઈ તત્ત્વથી માણસે ડરવાની જરૂર નથી.

પછી અનાજને અગ્નિમાં રાંધીને ખાતાં શીખવ્યું, અનાજને શેકવા માટે માટીનો ઘડો બનાવી આપ્યો. વિજ્ઞાને એ દિવસે પ્રથમ જન્મ ધારણ કર્યો. આજના શિલ્પનો પાયો એ વખતે નંખાયો.

આ પછી તો માનવપ્રજા માટે અનેક વિદ્યાઓ ને કળાઓ બતાવી.

માણસને ઘર બાંધતાં શીખવ્યું. માણસને ઢાંકવા વસ્ત્ર સરજાવ્યાં. અનેક કળાઓ સરજાવી : પણ વસ્તુઓ વધી, એમ મનનો વિખવાદ વધ્યો. રોજ ટંટા થવા લાગ્યા. ટંટા કરીને સહુ તેમની પાસે ફેંસલો કરાવવા આવે.

સહુએ કહ્યું : 'ઋષભદેવને રાજા બનાવો. એ કહે એમ કરીશું, એમનું કહ્યું અમારે માનવાનું છે.'

પ્રજાના પ્રેમને કોણ ઠોકરે મારી શકે? અને વિશ્વ-ઉદ્ધાર માટે તો જન્મ હતો ને!

ઋષભદેવ રાજા થયા.

આદિ પૃથ્વીનાથ કહેવાયા.

રાજા થઈને પ્રજા માટે અનેક કાર્ય કર્યાં.

ધરતી માતા છે, એ સમજાવ્યું. કોઈએ કોઈ પ્રાણીને મારીને પેટમાં એની કબર કરવાની જરૂર નથી. ભોળાં પંખી, ભલાં પ્રાણીઓ, રમતિયાળ જલચરો ને કુદરતના શણગારરૂપ ખેચરો સાથે મૈત્રી રાખવાની જરૂર છે, એ મૈત્રી જળવાય તોં પૃથ્વી પર જ સ્વર્ગ સરજાય.

પેટનો ખાડો પૂરવા હિંસા કે હત્યા કરવાની જરૂર નથી. માતા વસુંધરા તમને જોઈતું અન્ન આપશે, પીવા પૂરતું પાણી આપશે.

આ પ્રાણીઓને તમે પાળો. એ તમને અમૃત જેવું દૂધ આપશે. ખેતી માટે મદદ કરવા પોતાનો જીવ ને પોતાનાં જણ્યાં આપશે.

આજ સુધી ભાઈબહેન લગ્ન કરતાં. હવે એ રિવાજ છોડો. વિશ્વ સાથે સગપણ બાંધો. એક કુળવાળા એ રીતે અજાણ્યા કુળને જાણીતું ને પારકા કુળને પોતાનું બનાવે!

આમ ઋષભદેવે સો યજ્ઞ કર્યા. એક એક યજ્ઞથી પ્રજાની આબાદી વધી. યજ્ઞ એટલે આયોજન. પ્રથમ પાંચ શિલ્પી થયા. એ પ્રત્યેકમાંથી વીસ-વીસ થયા. એમ સો શિલ્પી થયા. આ રીતે શતયજ્ઞકર્તા કહેવાયા.

પણ હવે શું? બાળકને રમકડું રમવા આપ્યું. પણ એ જુવાન થાય તો યે એને રમકડે રમવા દેવો? ના, ના, જીવનના જૂજવા ધર્મ અદા થવા ઘટે! પ્રજાને ભૌતિક સુખો આપી, શું એમાં જ રાચતી રાખવી? તો તો

પ્રજાનો એક કાળે વિનાશ જ થાય. ભૌતિક સુખો પછી આધ્યાત્મિક વિચારણા થવી જ ઘટે.

પ્રજાને બતાવવું જોઈએ કે આ બધાં સુખો મેળવ્યાં એ મહત્ત્વનાં છે : પણ એનાથીય મહત્ત્વની વસ્તુ બીજી છે—અને એ છે ત્યાગ !

જગત પ્રમાદી છે.

વાવંટોળ જેમ તણખલાને આકાશમાં ઉડાડી ઊંચે-નીચે ભમાવે છે, એમ કર્મને વશ વર્તી જીવ અનેક ગતિમાં ભમે છે ને દુઃખ વેઠે છે. એમને સુકર્મનો – કર્મમુક્તિનો માર્ગ બતાવવો જોઈએ.

જગત સ્વાર્થી છે. એ લોભરૂપ શત્રુને મિત્ર સમજી ભજે છે. પરિણામે નરકાદિ દુઃખો વેઠે છે. એને પરમાર્થ બતાવવો જોઈએ.

જગત ક્રોધી છે. ક્રોધ એક અપૂર્વ વસ્તુ છે. ઝાડમાં થતું ઝેર ઝાડને હણતું નથી, સર્પમાં રહેલું ઝેર સર્પને હણતું નથી, પણ ક્રોધ તો હંમેશાં પોતાને જન્મ દેનાર દેહ-મનને જ હણે છે. એને શાંતિનો – અવેરનો – પ્રેમનો – ક્ષમાનો મહિમા સમજાવવો જોઈએ.

જગત વિષયમુખી છે.

અગ્નિમાં કાષ્ઠ નાખતાં જેમ અગ્નિ શાંત થતો નથી, એમ વિષયોને ગમે તેટલી ભોગસામગ્રી મળે તો ય શાંત થતો નથી. તેમને ત્યાગ શીખવવો જોઈએ.

અહા, નાશવંત આ સુખોમાં મુગ્ધ થનારને લાખો વાર ધિક્કાર હજો ! રાગદ્વેષ અને મોહના કારણે સંસાર વધારવામાં ઉદ્યમવંત પ્રાણીઓના જન્મને ધિક્કાર છે. તેઓનો મનુષ્યજન્મ, વીતી ગયેલી રાત્રિની જેમ, વ્યર્થ ચાલ્યો જાય છે અને ફરી મનુષ્યજન્મ મેળવવો દુષ્કર બની જાય છે.

સંસારના આ કષાયકીચમાં ખૂંચી ગયેલા જનો પોતાના પુષ્ટ થતા દેહને જોઈ શકે છે, પણ પોતાના ક્ષીણ થતા આત્માને જોઈ શકતા નથી.

સોનાના પિંજરમાં પુરાયેલા પોપટની જેમ તેઓને તાત્કાલિક સુખો સિવાય, આત્મિક આઝાદીના સુખનું જરાય ભાન નથી. કર્મને વશ થઈ, કષાયરૂપી પહેરેગીરોની ચોકી-માં પડીને, માનના, મમત્વના, લાલસાના, દુરાશયના, રાગ-દ્વેષથી પરિપૂર્ણ અંધ કૂપમાં ડૂબેલા આ જીવોને આ ભવ, પરભવ કે ભવોભવના, યાવત્ મોક્ષના સ્વાતંત્ર્યસુખનું જરા જેટલુંય ભાન નથી.

ઋષભદેવે માણસમાં માણસાઈ જગાડી, નીતિભાવનાનું શિલારોપણ કર્યું. સમાજ ઘડ્યો, સમાજનીતિ ઘડી. રાજ્ય રચ્યું, રાજ્યનીતિ રચી.

લગ્નવિધિ યોજી, પશુતામાં પ્રભુતા આણી અને લોકોને વ્યવહારવિષયક બધી વિદ્યાઓ શીખવી દીધી. જગતની વ્યવસ્થા માટે યોજેલ શામ, દામ, દંડ ને ભેદ એ ચાર ઉપાયો પણ લોકમાં સારી રીતે પ્રવર્તી ગયા.

યુવરાજ ભરતને બોંતેર કળાઓ શીખવી દીધી.

કુમાર બાહુબલીને હાથી, અશ્વ, સ્ત્રી અને પુરુષના અનેક ભેદવાળાં લક્ષણોમાં વિશારદ બનાવ્યો.

પુત્રી બ્રાહ્મીને અઢાર લિપિઓ બતાવી દીધી અને સુંદરીને ગણિતવિષયક જ્ઞાન આપી દીધું.

ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિય એવાં ચાર કુળોની રચના પણ યથાસ્થિત થઈ. દંડનીતિ વિષે પણ જનતાને ઉચિત જ્ઞાન થયું.

પ્રવતાવેલી વ્યવહારવિષયક તમામ સંસ્કૃતિમાં લોકો કુશળ થઈ ગયા. ખેડૂતો ન્યાયપૂર્વક ખેતરો ખેડે ને યોગ્ય ભાગ લઈ નિર્વાહ ચલાવે. શેરડીની ખેતી માટે પણ ક્ષત્રિયો ન્યાયપૂર્વક વર્તે. ગોવાળો પોતાનાં જનાવરો પ્રત્યે સદ્‌ભાવ રાખે ને કોઈ એકબીજાનું લૂંટી લેવાની કલ્પના પણ કરે નહીં.

માતાઓ પુત્રોનું પાલન યથેષ્ટ રીતે કરે. પિતાઓ પિતૃધર્મમાં પણ બરાબર સમજ્યા. પતિ-પત્નીનાં યુગલો પણ એકબીજાં સાથે હેતથી વર્તે છે. સંસાર આખો વ્યવસ્થિત બંધારણપૂર્વક ચાલવા લાગ્યો.

હવે જગતને સહુથી વધુ ને આત્યંતિક જે જરૂરી છે, એ ધર્મતીર્થ પ્રવર્તાવવું જોઈએ. ઋષભદેવના આયુષ્યનાં ૨૦ લાખ વર્ષ પૂર્વ યુવરાજપદમાં ગયાં ને ૬૩ લાખ વર્ષ પૂર્વ રાજ્યની ધુરા વહેતાં ગયાં. હવે ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે રાજત્યાગ કરવાનો સમય આવી પહોંચ્યો

હતો. આ લોકોને સાંસારિક આસક્તિથી વિમુખ કરવા ધર્મમાર્ગ બતાવવાની જરૂર હવે ઊભી થઈ હતી. સંસારના પાયારૂપ ધર્મચક્રને પ્રવર્તાવવાની વેળા આવી પહોંચી હતી. પૃથ્વી ધર્મથી નહિ પ્રવર્તે તો આ નશ્વર સામ્રાજ્યને સહુ સાચું સામ્રાજ્ય માનશે. આ ક્ષણભંગુર દેહની આળ-પંપાળ પાછળ માનવી ગાંડો રહેશે.

ધર્મ નહિ હોય તો રાજા રાજા નહિ રહે, પ્રજા પ્રજા નહિ રહે. આ દુનિયા ચોર ને લૂંટારાનું પેડું બની રહેશે.

આપવાની મહત્તા નહિ દાખવું તો સહુ બીજાનું લઈ લેવા પાછળ મસ્ત રહેશે.

સારા મૃત્યુની ભાળ નહિ આપું તો કંગાળ જીવનોથી પૃથ્વી કકળાટ કરી ઊઠશે. નિર્દોષ જીવનવ્યવહાર નહિ દાખવું તો પૃથ્વીમાં મત્સ્ય-ગલાગલનો (બળિયાના બે ભાગનો) ન્યાય પ્રવર્તી રહેશે. આ કારણે સહુના દુઃખનો પાર નહિ રહે. ત્યાગ, તપસ્યા, સંયમ ને સૌજન્યમૂલક ધર્મ હવે મારે પ્રવર્તાવવો ઘટે.

અને કોઈ પણ ધર્મનું દર્શન પોતાની જાત પર જ પહેલું થવું ઘટે. મારે મારી વાણીમાત્રથી જ નહીં, પણ મારા વ્યવહારથી – આચરણથી પણ ધર્મ આચરી બતાવવો જોઈએ.

પૃથ્વીનાથ ઋષભદેવ આ વિચારોમાં મગ્ન હતા, ત્યાં પાંચમા દેવલોકને અંતે વસનારા અરુણ, આદિત્ય,

સારસ્વત આદિ લોકાંતિક દેવો વસંતોત્સવની સુંદરતા નિહાળતા નિહાળતા નન્દનવનમાં આવી પહોંચ્યા. તેઓને પૃથ્વી પણ સ્વર્ગ જેવી ભાસી. તેઓએ નમસ્કારપૂર્વક પ્રાર્થના કરી :

'હે નાથ ! હવે ધર્મતીર્થ પ્રવર્તાવી જગતનું કલ્યાણ કરો !'

પૃથ્વીનાથ ઋષભદેવે સ્મિતપૂર્વક તેનો પ્રત્યુત્તર વાળ્યો. લોકાંતિક દેવો સહર્ષ વિદાય થયા. ધર્મતીર્થ પ્રવર્તાવવાની ઇચ્છાવાળા પૃથ્વીપતિ ઋષભદેવ શાંત ચિત્તે રાજમહેલ તરફ પધાર્યા.

આનંદમાં ગરકાવ થયેલા રસિયાઓએ નિરાંતે વસંતોત્સવ ઊજવ્યા કર્યો. પણ રાજમહેલમાં પધારીને શ્રી ઋષભદેવે રાજત્યાગનો ને સંયમધર્મનો સ્વીકાર કરવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો.

આ સમાચાર થોડી વારમાં બધે પ્રસરતાં ભરત વગેરે કુમારોની, વફાદાર સચિવાદિ સેવકોની અને નાનાં બાળ માફક ઊછરેલા પ્રજાજનોની ચિંતાનો પાર ન રહ્યો.

લોકોને ધર્મવિષયક કશું જ્ઞાન નથી. ધર્મ શું તે લોકો જાણતા નથી. કેવળ પોતાના પ્રાણપ્યારા પ્રભુનો વિયોગ તેમને વ્યાકુળ બનાવી રહ્યો છે. શ્રીઋષભદેવે પોતાના રાજ્યની બરાબર વહેંચણી કરી. યુવરાજ ભરતને રાજદંડ ગ્રહણ કરવા આજ્ઞા કરી. બીજી રાજકીય વ્યવસ્થા પણ

કરી દીધી. અને એક વર્ષ માટે ભગવાને સાંવત્સરિક દાનની શરૂઆત કરી.

ચતુષ્પથ તથા દરવાજાઓ પર ઘોષણા કરાવી કે 'જે જેનો અર્થી હોય, તેણે આવીને તે લઈ જવું. ભગવાન મોં-માગ્યું આપશે.'

શ્રી ઋષભદેવ સમા દાતા ક્યાંથી મળે? આમ દાન દેતાં એક વર્ષ વીત્યું, ને રાજત્યાગનો સમય આવી પહોંચ્યો.

* *

ચૈત્ર માસનો ઊનો વાયુ જ્યારે વૃક્ષે વૃક્ષે નવપલ્લવતા આપી રહ્યો હતો, ત્યારે એક સુંદર સવારે પૃથ્વીનાથ સર્વસ્વનો ત્યાગ કરી મહા પ્રયાણને સારુ સજ્જ થયા. એમણે પોતાની સુદીર્ઘ કેશવાળી પીઠ પર છૂટી મૂકી દીધી; પગમાંથી ઉપાનહ અને મસ્તક પરથી મુગટ ઉતારી અલગ કર્યો. દેહ પર એક માત્ર વલ્કલ ધારણ કરી એ ધીરે પગલે આમ્રભવનની બહાર નીકળ્યા.

દક્ષિણાયનનો વાયુ વાતો હતો, કોકિલા મત્ત બનીને ટહુકી રહી હતી. વાયુની ઝડપે ને કોકિલાના સૂરે પૃથ્વીનાથના મહાપ્રયાણની વાત બધે પ્રસરી ગઈ. રોતાકકળતા માનવીઓ દર્શનાર્થે ધસી આવ્યા. સહુના મુખ પર એક જ પ્રશ્ન હતો :

'અરે! જે સાહ્યબીને પામવા સંસાર મરી પડે છે,

એને તજીને પૃથ્વીનાથ વળી શું નવું પ્રાપ્ત કરવા ઇચ્છે છે?'

માતા મરુદેવા દોડી આવ્યાં : 'વત્સ! મને ન તજી જા. આંખો પર અંધારાનાં પડળ ઘેરાય છે. આજ સુધી મહામહેનતે તરતું નાવ આજે ડૂબતું અનુભવું છું. મારી જીવનસંધ્યા તારા દર્શનથી પ્રભાતનું સુખ અનુભવે છે.'

'માતાજી! સહુએ જવાનું છે. જનારને કોઈ રોકી શકતું નથી. દરેક સંધ્યા પ્રભાતની પુરોગામી છે. આશા રાખો કે પ્રત્યેક અંધકારની પાછળ પ્રકાશ છે, એમ દરેક દુઃખની પાછળ સુખ અવશ્ય છે. દુઃખને પચાવો ને એની પાછળના સુખને શોધવા યત્ન કરો! ગગનાંગણના મુક્ત પ્રવાસે જતા પંખીને માળાનો મોહ કાં કરાવો, માડી?'

માતા મરુદેવા પુત્રને પ્રત્યુત્તર વાળી ન શક્યાં; પણ આ રીતે એને જતો જોઈ મર્મોચ્છેક વેદના અનુભવી રહ્યાં.

દેવી સુમંગળા પણ આવીને પાછળ ઊભાં હતાં. એ એકદમ પગ પકડીને બેસી ગયાં અને બોલ્યાં :

'મને સાથે લઈ જાઓ, જીવનમાં કે મૃત્યુમાં.'

'દેવી! મૃત્યુના પ્રવાસમાં ઇચ્છા હોય તોપણ કોઈને સાથે લઈ જઈ શકાતું નથી; વિયોગની ઘડીએ પ્રેમની તીવ્રતા સમજાય છે, એ તીવ્રતાના તાપમાં જીવનની વિશુદ્ધિ શોધી લો!'

પહાડ જેવો બાહુબલિ માર્ગ વચ્ચે પહાડ બનીને ખડો રહ્યો. સુંદરી અને બ્રાહ્મી ઊભાં ઊભાં આંસુની પાળ રચી રહ્યાં હતાં.

પૃથ્વીનાથે તેઓને ઉદ્દેશીને કહ્યું : 'પુત્રીઓ! કોઈનાં આંસુ કદી કોઈનો માર્ગ રોકી શક્યાં છે? આંસુ અંતરની શુદ્ધિ માટે વાપરો.' ને તેમણે સહુ સ્વજનો તરફ દૃષ્ટિ ફેરવીને આશ્વાસનભર્યા અવાજે કહ્યું :

'મારો જવાનો સમય થઈ ચૂક્યો. જે મહાન શોધ કાજે જાઉં છું, એ માટે અનિવાર્ય છે કે સાગરમાં માછલું સરકી જાય, એમ મારે તમારી વચ્ચેથી સરી જવું.

'આ આકાશ મારું આશ્રયસ્થાન બનશે, આ ખીણો મારી શેરીઓ થશે. કંદરાઓ અને ગુફાઓ મારાં વાસસ્થાન બનશે. દિશા મારું વસ્ત્ર ને પવન મારો સાથી બનશે. વાચા કરતાં મૌન હવે મને વધુ પ્રિય થશે. શુશ્રૂષા ને સેવા, હર્ષ ને શોક બંનેને છાંડીને જાઉં છું. સ્વજન કે સ્નેહી બંનેને તજીને જાઉં છું. માન ને અપમાનને મૂકીને જાઉં છું. સંપત્તિ કે સાધનનો સદંતર ત્યાગ કરીને જાઉં છું.

'તમે પૂછશો કે આ બધું શા માટે? તો એનો ટૂંકો ઉત્તર એટલો જ કે મારા એક મહાસ્વપ્નને સાકાર કરવા, સંસારને વળી એક નવું શાસન આપવા. સતત જાગૃતિ ને અનંત એકાંત મારાં સહાયક બનશે.'

ભરતને સમજાવતાં કહ્યું : " 'નમો અરિહંતાણં!' તારો જીવનમંત્ર બનો. જગતમાં વસતા અરિને જીત્યા, માનવતાના અરિને જીતજે; કુળના અરિને જીતજે – સાથે તારી જાતની અંદર વસતા અરિને પણ જીતવાનું ન ભૂલીશ.'

'ગર્વિષ્ઠ બનીશ તો યુદ્ધની બલાને નોતરી લાવીશ. ચેતતો રહેજે કે પૂજા તારું પતન ન કરે, જયનાદ તને જડ ન બનાવે. ચક્રવર્તી થઈને આર્યાવર્તનો ને આત્માનો ઉદ્ધાર કરજે. બંને કરવાં અનિવાર્ય છે. બેમાંથી એકની સાધના કરનાર એટલો અપૂર્ણ રહેશે.'

બાહુબલિને સમજાવતાં કહ્યું, 'બાહુ! તું અજિતવીર્ય થજે. અજેયતા કેવલ જીતમાં જ નથી. પરાજય કે હાર હસતે મુખે ખમી ખાવામાં પણ છે. અજેયતા શત્રુ જીતવામાં નથી. અંતરની અજેયતા પર પ્રથમ લક્ષ આપજે. પુરુષાર્થી કદી હારતો નથી. ત્યાગી કદી ગરીબ થતો નથી. પ્રેમી કદી નિરાધાર બનતો નથી. સાચો આર્ય બની આર્યાવર્તને સંસ્કાર આપજે.'

સુંદરી આગળ આવીને બોલી : 'પિતાજી! મને કંઈક કહો.'

'સુંદરી! સાચું સૌંદર્ય આત્માના સૌંદર્યનું પ્રતીક હોવું ઘટે. આંતર-બાહ્ય એકતા ન જન્મે તો એ સૌંદર્ય ફણીધરના મસ્તક પર રહેલા મણિની જેમ ભયંકર છે. વિકારોનું પોષણ ને વિવેકની રક્ષા એ, "ખાવું ને ગાવું"ની જેમ એક સાથે નહીં થઈ શકે. તમારી બુદ્ધિ તમારા હૃદય પર રાજ ન કરે, તે જોજો.'

પૃથ્વીનાથ સુંદરીને પ્રત્યુત્તર આપી બ્રાહ્મી તરફ ફર્યા ને બોલ્યા : 'બ્રાહ્મી! માનવતાની મહાસાંકળના આપણે સહુ નાનામોટા અંકોડા છીએ. ભરત એક આર્યાવર્ત સરજે.

બાહુબલિ આર્યસંસ્કૃતિનો આદર્શ સર્જજે. તું એક ભાષા સરજજે. એ ભાષા ભાવિના ગર્ભમાં પોઢેલાં માનવોને ઉત્તમ વારસો, ભવ્ય પ્રેરણા ને ઉદાત્ત સંસ્કૃતિ આપશે. મંથનથી મૂંઝાશો મા! શ્રદ્ધા ને ધૈર્યથી ચલિત થશો મા!'

પૃથ્વીનાથે બોલવું પૂરું કર્યું, એટલે વૃષભશ્રી આગળ આવી ને બોલી : 'કૃપાનાથ! મને કંઈક કહો.'

'વૃષભશ્રી! સ્ત્રી અને પુરુષ એક સંપૂર્ણ જીવનાં બે અડધિયાં છે. એના રસ જુદા હોય, ભાવના જુદી હોય, વાતો જુદી હોય, પણ રાહ એક જ હોય. સ્ત્રી ને પુરુષ ભલે ન્યારાં રહે, પણ અંતે દાંપત્યના સાગરમાં તો એક-રૂપ બનીને રહેવાં ઘટે. એ પૂર્ણ હોય તો જ પૂર્ણને પ્રગટાવી શકે છે.'

આ વેળા રાજા દેવયશ આગળ આવ્યો ને બોલ્યો : 'પ્રભુ! મને પણ કંઈ સમજાવો.'

'દેવયશ, સંસાર છે ત્યાં સુધી સારું ને નરસું રહેવાનું – જોડાજોડ રહેવાનું! કોઈને શિક્ષા કરતાં પહેલાં એના ગુનાના મૂળ સુધી જજો. સંસારને સારી દૃષ્ટિથી જોજો. ગુનેગારને શિક્ષા કરતાં વિચારજો કે એની ગુનેગારીમાં આપણી પણ ગુનેગારી છુપાયેલી છે. આપણી ગુપ્ત સંમતિ કે ઉપેક્ષા હોય તો જ ગુનેગાર ગુનાને જન્મ આપી શકે છે.'

મહાકાય સુયોધ મસ્તક નમાવીને ઊભો રહ્યો. એને ઉદ્દેશીને પૃથ્વીનાથ બોલ્યા : 'સુયોધ! સ્નેહ અને કર્તવ્ય

બંનેમાં મોટો ભેદ છે. તારો સ્નેહ તને કર્તવ્યથી ભ્રષ્ટ ન બનાવે તે જોજે! તારો સ્નેહ પ્રકાશની ગરજ સારો, કર્તવ્ય-દીપકને બુઝાવનાર વંટોળિયો ન બનો. પૃથ્વીને પોતાની કરવા માટે વિશાળ સૈન્ય કે વિપુલ સંપત્તિ કરતાં વિશાળ હૃદયની જરૂર છે; પ્રતિપક્ષીઓને છૂંદી નાખવામાં નહીં, પોતાના બનાવવામાં સાચી બહાદુરી છે. માણસનું અંતર વાંચતાં શીખજે. પણ ભય કે લાલચથી એ નહીં વંચાય; પ્રેમ ને સહાનુભૂતિ દ્વારા જ વાંચી શકાશે.'

પૃથ્વીનાથ આટલું કહી આગળ વધ્યા. પૃથ્વીનાથના અયોધ્યાત્યાગના સમાચાર બધે પ્રસરી ગયા હતા. શોકાતુર નગરજનોને ઉદ્દેશીને કહ્યું, 'હવે હું રોકાઈ શકું તેમ નથી. જન્મ ને જરા, મૃત્યુ ને વિષાદનાં ગુહ્ય તત્ત્વોને શોધવા જાઉં છું. મને લાધેલા જીવનદર્શનનો દ્રોહ કરવાનું કોઈ કહેશો મા! મારું સ્વપ્ન મહાન છે; માનવોને જાગ્રત કર્યા; એમની વસાહતો સ્થાપી; એમને અસિ, મસિ ને કૃષિવાળું શાસન આપ્યું. આર્યદેશનું સ્વપ્ન મેં ઘડ્યું ને એને સાકાર કરવા ભરતને સુપરત કર્યું. હું વિશ્વતોમુખ છું. હવે વિશ્વવાત્સલ્ય તરફ જાઉં છું. હું સંસારનો સ્વજન બનવા જાઉં છું; તમારો એકલાનો જ બનીને રહું, એ હવે શક્ય નથી. મેં તમને જે શાસન આપ્યું એનાથી સારું શાસન મારે તમને આપવું છે, જેમાં માણસ રાજાના ભયથી નહીં – પોતાના મનથી સારો ને શુદ્ધ રહે, માણસ દંડ ને વધના ભયથી સારું આચરે તેમ નહીં—સ્વભાવથી

સારા આચરણ તરફ પ્રેમ રાખે. માનવમાત્ર એક, સહુ સમાન, સહુ મુક્ત! સાંકળની કડીઓની જેમ સહુ છૂટા છૂટા ને કાર્યપ્રસંગે સહુ સંયુક્ત! સકળ સૃષ્ટિની એકતા ને એનો ઉદ્ધાર એ મારું સ્વપ્ન છે.'

કેટલાકે કહ્યું 'અમને ઉદરપોષણ માટે કંઈક કહો.'

'પ્રકૃતિની ઉદારતા પર ભરોસો રાખજો. તમારાં ખેતરોમાં તમે પ્રેમથી પરિશ્રમ કરજો. તમારા મનની ઉદારતાનો પડઘો તમે તમારાં ખેતરોમાં પામશો. તમે પણ તમારું બીજાને આપતાં રહેજો. જે માણસ ધાન્ય, ગૌ, દૂધ વગેરેનો સંગ્રહ કરે છે, એ કંઠે પાષાણ બાંધી સાગરના પાણીમાં તરવા જેવી ક્રિયા કરે છે. એના સંગ્રહમાંથી ચોરી, લૂંટ, ખૂન જેવી ઘટનાઓ જન્મે છે. માનવજાતનો એ મહાન દુશ્મન છે. આવતી કાલ પર અવિશ્વાસ ન રાખો. આજનો દિવસ આવતી કાલ માટે ન બગાડો.'

'અમારા દેહ માટે કંઈક કહો.'

'તમારો દેહ એ તમારાં સારાં કર્મોનું સાધન છે. અલગ ભલે રહો, એકમેકતા ન ભૂલશો. ફૂલોનો સ્વભાવ ધારણ કરજો. મધમાખી આવે તો મધુ આપજો, પતંગિયાં આવે તો રૂપ આપજો, હાથી આવે તો આહાર આપજો, પણ વિકાસમાં કે વિનાશમાં સુગંધ વહાવવાનો ધર્મ ન ભૂલશો.'

'શ્રદ્ધા અને પ્રેમ વિશે કંઈક કહો.'

'પ્રેમ તમારા મનને પવિત્ર બનાવશે. જે તમને

અને બીજાને પાવન ન કરે એ પ્રેમ નહીં. દ્વેષ ને હિંસાનો આખો સાગર પ્રેમની ઉષ્મા આગળ સુકાઈ જાય છે. સાચો પ્રેમ સહુને પોતાના સમાન માનવામાં છે. શ્રદ્ધા તમારી હોડીનું સુકાન છે. અંધારી રાતમાંય એ દીપક બનીને ખડી રહેશે.'

'વાણી વિશે કંઈક જાણવા ઇચ્છીએ છીએ.'

'વાણી તમારા હૃદયને અનુસરતી બનાવજો. સિંહનું ચામડું પહેરાવી શિયાળને સિંહ નહીં બનાવી શકો. તમારા મનમાં મેલ હશે તો તમારી વાણી પવિત્ર બની શકશે નહીં. તમારી જીભથી તમે પ્રેમની ઉષ્મા પ્રગટાવી શકો છો, તેમ આગ પણ સળગાવી શકો છો; છતાં એવું કદી ન કરશો. સાગરમાં તો મોતી પણ છે, ને હાડકાં પણ છે. સારો માણસ મોતી શોધી લાવે છે, સહુને આપે છે.'

'રાજાના ધર્મ વિશે કંઈક કહો.'

'રાજા એ કોઈ મત્ત હાથી નથી; એ તો પ્રજારૂપી હાથીનો અંકુશ છે. ઉન્માર્ગે જતા હાથીને અંકુશનો ભય છે. અંકુશ એકલો તો આખરે જડ ને શક્તિહીન છે. આખરે તો એને અન્યની મદદની જરૂર રહે છે! પ્રજા તો હાથી જેવી છે, સીધી ચાલે તો એને કોઈની અપેક્ષા નથી.'

'સુખ ને દુઃખ વિશે કંઈક કહો.'

'સુખ અને દુઃખ જુદાં નથી; એને તમે જુદાં પાડ્યાં છે. કેરીના રસમાં રહેલી ખટાશને મીઠાશની જેમ એ અભિન્ન

છે. સુખને તમે આમંત્રો છો, એને તમારી પાસે દોડતું આવતું જુઓ છો, પણ તમે એ ભૂલો છો કે દુઃખ પણ સાથે જ આવતું હોય છે. એને બે યુગલ છે. એક આમંત્રો એટલે બીજાને વગરકહ્યે નોતરું મળી જાય છે. સુખને જે સ્વસ્થતાથી ભોગવો છો, દુઃખને પણ એ રીતે ભોગવજો; તો તમારો સંસાર ઉજ્જવળ બનશે. ભોગ ને રોગ, હાસ્ય ને વિષાદ એ એક જ વસ્તુની બે બાજુ છે.'

'લેવા ને દેવા વિષે કંઈક કહો.'

'જરૂર પડચે પ્રેમથી લેજો ને જેટલા પ્રેમથી લો તેટલા પ્રેમથી દેજો. છતાંય બને ત્યાં સુધી દેતાં શીખજો; બને ત્યાં સુધી લેવાનું માંડી વાળજો, લો ત્યારે પણ લેવાનો ભારે વિવેક રાખજો. તમારું પેટ પૂરવાની ચિંતા ન કરશો, સામાના પેટની વિશેષ ચિંતા કરજો. સંસારના વ્યવહારનું આ ગુપ્ત રહસ્ય તમને કહું છું, શ્રદ્ધાથી આચરશો તો સુખી થશો. પારકાની ટાઢ ઉડાડવા માટે તાપણી સળગાવનારની પોતાની ટાઢ આપોઆપ ઊડી જાય છે; એને પોતાને કાજે નવી તાપણી ચેતાવવી પડતી નથી.'

'વિવેક વિશે કંઈક કહો.'

'તમે ચાલો, બેસો, સૂઓ, ઊભા રહો, દરેક ક્રિયા કરો – એ બધાંમાં વિવેક–મર્યાદા જાળવજો. સરખી રીતે પડેલું મીઠું તમારી રસોઈને રસવંતી બનાવશે, અતિશયતા એને અખાદ્ય કરશે.'

'ગર્વ વિશે કંઈક કહો.'

'ગર્વ જે કદી ખુમારીની સાથે ભળીને આવે છે, એને પિછાણજો. તમે આકાશ જેવા મોટા છો કે તણખલા જેવા હલકા છો, એવી વાત ન સાંભળશો. તમારા ઘરમાં રહેલ અગ્નિ ગમે તેટલો સારો હોય પણ એને ખૂબ ઊંચે ચઢાવશો તો એ તમારું છાપરું બાળીને ભસ્મ કરશે. એને પૃથ્વીમાં દાટી દેશો તો એ ગરમી નહીં આપે.'

'પુરુષકાર વિષે કંઈ કહો.'

'પુરુષકાર – પરાક્રમ – પુરુષાર્થથી કદી પાછા હઠશો નહીં. ઉમંગી રહેનારનો પુરુષાર્થ ધન્ય હોય છે. છીછરાં જળ જેટલાં મીઠાં હોય છે, એથી ઊંડાં જળ વધુ મીઠાં હોય છે.'

'યજ્ઞ વિષે – અગ્નિ વિષે કંઈક કહો.'

'યજ્ઞ એટલે અર્પણ. તમે માત્ર એને કાષ્ઠ, ઘૃત, કે સમિધ અર્પણ કરતા નથી, પણ એ દ્વારા એમ સૂચવો છો કે જરૂર પડયે અમે જીવન પણ અર્પીશું. સારા કામ માટે દેહના અર્પણની ભાવના એનું નામ યજ્ઞ. સારા થવા માટે મનના કષાયોનો હોમ એનું નામ યજ્ઞ. તમને જીવન આપનાર, તમારા આંગણાના અગ્નિને તમે કદી બુઝાવવા દેતા નથી, તેમ તમારા દિલના અર્પણના આતશને

પણ કદી ઠંડો પડવા દેશો નહીં. યજ્ઞ-અર્પણ એ તમારા જીવનનું મહાન પ્રતીક હજો.

'યૌવન વિષે કંઈક કહો.'

'તમારું યૌવન આંધીના જેવું નહીં, મલયાનિલની લહરીઓના મસ્ત સ્વભાવવાળું હોવું ઘટે. ભલે પછી એ બટમોગરાની ડાળ જેવું સુગંધી ન હોય. પણ કેસૂડાની કળીઓ જેવું રંગીન હશે તોપણ ચાલશે. કેસૂડાં જાતને રંગી જાણે છે, એમ એના સ્પર્શનારને પણ રંગવાની શક્તિ ધરાવે છે.'

'આચાર વિષે કંઈક કહો.'

'અનાચારના કૂવેથી પાછા વળવા આચારની પરબો જરૂરી છે. કર્તવ્યનું ભાન, એનું જ્ઞાન અને અંતે કર્તવ્ય-બળ પ્રાપ્ત કરવું જરૂરી છે. માતાપિતાને પૂજો! જેણે તમને સંસારનું ભાન કરાવ્યું તેને સન્માનો. તમારા મિત્રને વફાદાર રહો. તમારી ભગિનીને કામિનીની નજરે ન નિહાળો. પડોશી તરફ પ્રેમ રાખો! સંસારનો વ્યવહાર સરળ ચાલે, શાંત ચાલે એવી જે તમારી વર્તણૂક એનું નામ આચાર. એકબીજામાં સમાતાં શીખો.'

આ ઉપરાંત સૌંદર્ય અને મૃત્યુ વિશે કંઈક કહેવા માટે પૃથ્વીનાથને લોકોએ વિનંતી કરી.

પૃથ્વીનાથ લોકોને આ બધા વિશે સમજ આપતા આગળ વધ્યા. પ્રભુ નગર બહારના ઉપવનમાં આવ્યા. સુંદર એવા અશોકવૃક્ષ નીચે સ્વસ્થ રીતે ઊભા રહી એમણે કહ્યું :

'મારા જીવનથી મારે તમને પદાર્થપાઠ આપવો જોઈએ. મારા શબ્દો કરતાં મારું મૌન, મારી વાણી કરતાં મારું વર્તન હવે માર્ગ દર્શાવશે. હવે તમે મને કેટલાય દિવસો સુધી સાંભળી શકશો નહિ. વસંતની મને રાહ છે. એ રાહમાં સ્તબ્ધ મારું મૌન મારું ધ્યેય રહેશે.'

પ્રભુએ એક વાર એકત્ર થયેલા માનવસમુદાય પર નજર નાખી. એ નજરમાં જાણે વિશ્વરૂપતાના નકશા પાથર્યા હતા.

'ભાઈઓ !' પૃથ્વીનાથે પોતાના આજાનબાહુ મુખ તરફ લઈ જતાં કહ્યું, 'તમે જાણો જ છો કે સર્વ રસોને પોતાનામાં ઉકાળનાર અગ્નિની શત શિખા વચ્ચે લપેટાઈને પણ નિરાંતે જીવનાર ઘડો, બીજાને ઉકાળતાં પહેલાં પોતે ઊકળે છે. એ પાત્ર બનતાં પહેલાં, એની કસોટી કાજે નિપજાવેલા નિભાડાના અગ્નિમાં પ્રવેશે છે, મારે પણ એ રીતે તૈયાર થવું જોઈએ. દુઃખનો અગ્નિ મને ન પ્રજાળે, સગવડની મોહિની મને ન સતાવે, સુશ્રૂષાની માયા મને ન સ્પર્શે તે માટે આજથી મારે કઠોર આરાધના શરૂ કરવી ઘટે. મારા બળને મારા દેહ પર વાપરવું

જોઈએ. મારા દેહરૂપી ધનુષ્યને મારે એ રીતે ખેંચવું પડશે, ને તો જ મારું તીર સરળતાથી લક્ષ્યને વેધશે.' ને આટલું બોલતાં બોલતાં પૃથ્વીનાથે પોતાની એક મુષ્ટિથી દાઢી અને મૂછના વાળના ગુચ્છાને ચૂંટી કાઢયો.

બીજી મુષ્ટિ ભિડાઈ ને મસ્તકના વાળનો એક ગુચ્છો ચુંટાયો. આમ ચાર મુષ્ટિથી વાળના ગુચ્છા ખેંચ્યા એ સાથે અત્યાર સુધી ધૈર્ય ધારણ કરી રહેલાં દેવી સુમંગળા અને માતા મરુદેવા દોડી આવ્યાં. અડધે આવતાં મૂર્ચ્છા પામી ભૂમિ પર પડી ગયાં. મૂર્ચ્છા વળતાં કરુણ સ્વરે આક્રંદ કરવા લાગ્યાં.

પૃથ્વીનાથે પાંચમી મુષ્ટિ પાછી ફેરવી. એમની આંખોમાં એની એ જ શાંત જ્યોત પ્રકાશિત હતી. સૌંદર્યના મહાન ભૂષણ સમી એક માત્ર કેશવલ્લરી પવનની સાથે ગેલ કરવા લાગી.

'ભાઈઓ! હવે હું મૌન ધારણ કરું છું, ને તમારી વિદાય યાચું છું. મને શાંતિથી જવા દેજો. મારી પાછળ કોઈ આવશો નહીં!'

ને પ્રભુએ કદમ ઉઠાવ્યા. દીક્ષા પૂરી થઈ ત્યારે ઇંદ્રના આગ્રહથી ચોથું મનઃપર્યવ જ્ઞાન થયું. માતા મરુદેવા ને સુમંગલા મૂર્ચ્છા પામ્યાં. બીજાં ચોધાર આંસુએ રડવા લાગ્યાં. વાતાવરણ કરુણાભારથી મર્મવેધક બન્યું. પણ પ્રભુ સ્વસ્થ હતા. મંદ પણ સ્થિર ડગે આગળ વધતા હતા.

ગ્રીષ્મની ઋતુ છે. ચૈત્રનો મહિનો ચાલે છે. અંધારી આઠમનો ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં બિરાજે છે.

એક સુંદર સવારે પૃથ્વીનાથે રાજધર્મનો અંચળો ઉતાર્યો ને સંયમ-ધર્મનો ભાર સ્વીકાર્યો. સર્વ રસાયણોને પોતાનામાં પકાવવાની શક્તિ રાખનાર ઘડાએ, પ્રથમ તો પોતે જ નિંભાડામાં પ્રવેશવું પડે છે ને! સારા કામની શરૂઆત સારા માણસો પોતાની જાત પર પહેલી કરે છે.

ભગવાનની આ દશા નજરે નીરખી જાય તેવી નથી. પૃથ્વીના નાથના પગમાં ઉપાનહ નથી, મસ્તક પર મુગટ નથી, દેહ પર આભૂષણ નથી, કંઠમાં હાર નથી. ત્રિલોકની સંપત્તિના સ્વામી નિષ્કંચન બન્યા છે. એમની કેશવાળી પીઠ પર છુટ્ટી લટકે છે. અનેક ગજ – અશ્વ અને રથપાલખીના સ્વામી ખાલી હાથે, પગપાળા ચાલી નીકળ્યા છે!

અરે, એવું તે શું દુઃખ છે કે સ્વામી આમ ચાલી નીકળ્યા? અરે, એવી તે શી ઉપાધિ આવી પડી છે કે પૃથ્વીનાથે આ મહાપ્રયાણ આદર્યું? એવો કયો મહા અપરાધ આપણો થયો કે ભગવાન આમ આપણને છોડીને ચાલી નીકળ્યા? પ્રભુ તો આપણા મિત્ર, સ્વજન, માતા-પિતા ને ગુરુ છે.

કચ્છ અને મહાકચ્છ રાજાઓ, અને જેઓને ભગવાને જ સુધારી–સંસ્કારી રાજા બનાવ્યા હતા, એ ચારે હજાર

રાજાઓ પ્રભુ પાછળ રાજપાટ ત્યાગીને ચાલી નીકળ્યા. નૌકા જેમ હવાનું અનુસરણ કરે એમ બધા પૃથ્વીનાથને અનુસર્યા. અરે, આમ તો અનેક વાર શોખથી પૃથ્વીનાથની સાથે બધે હર્યાફર્યા હતા ને આનંદ કર્યો હતો. પ્રભુ સાથે હોય ત્યાં બધી વાતે લીલાલહેર જ હોય ને !

પણ આ વખતની વાત જુદી લાગી. દીક્ષા વખતે કરેલા ઉપવાસના પારણાનો સમય થઈ ગયો, પણ ભગવાન કંઈ ગ્રહણ કરતા નથી. રસાળ ઝાડનાં ઝુંડ તો ફળથી ઝૂમી રહ્યાં છે, પણ જાણે કિંપાક ફળ સમજી સ્વામી એને સ્પર્શ કરતા નથી. સ્વાદિષ્ટ જળના નવાણ ભર્યાં છે, પણ જાણે ખારોધૂધ દરિયો સમજી પ્રભુ એનું આચમન પણ કરતા નથી.

દિવસોથી મૌન છે. સ્નાન નથી. વિલેપન નથી. વન-હાથીની જેમ શરદી-ગરમી એમને સતાવતી નથી. ભ્રમણ, ભ્રમણ ને ભ્રમણ !

એક તરફ એક જણ, એક તરફ ચાર હજાર જણ. પણ ચારેચાર હજાર રાજાઓની સહિષ્ણુતાને આ એક માનવીએ થકવી દીધી. ભૂખ્યા પેટે, તરસ્યા કંઠે, વનેચરની જેમ ગામ-ખેતરમાં ને વનજંગલમાં ઘૂમતાં ઘૂમતાં કષ્ટ સહન કરવું એમને ભારે પડવા લાગ્યું. તેઓને ટૂંક સમયમાં *ખાતરી થઈ કે આ તો મીણના દાંતે લોઢાના* ચણા ચાવવાના છે.

તલવારથી હજારો દુશ્મનો સામે યુદ્ધ કરવું સહેલું

હતું, પણ આવું ભૂખ, તરસ ને પર્યટનનું તપ દુષ્કર લાગ્યું. એ બધાં તો જ્યાં સારી જગ્યા મળી ત્યાં – કોઈ સુંદર વૃક્ષોની ઘટામાં પર્ણકુટી બાંધીને બેસી ગયાં. રે! ગગનવિહારી ગરુડરાજ સાથે ક્ષુદ્ર પંખીઓનો સાથ ક્યાં સુધી નભે!

ત્રિલોકના નાથ પૃથ્વીપતિ એકલા રહ્યા. મેરુ ચળે, પણ તેમનો નિશ્ચય ચળે તેમ નહોતો. ક્ષુધા-પિપાસા તેમને ગમે તેટલી પીડે, પણ એ એમ નમતું તોળે તેવા નહોતા. આમ તો એમને શી વાતની ખામી હતી! પાણી માગે ત્યાં દૂધ હાજર હતું!

રસ્તામાં પગલે ને પગલે નગરજનો, ગ્રામજનો ને વનેચરો ભાતભાતની ભેટ લઈને આવતા, ને ગદ્ગદ કંઠે કહેતા : 'ઓ તારણહાર, અમે તમારી આ દશા જોઈ શકતા નથી. સ્નાન કરવાને યોગ્ય જળ તૈયાર છે, પહેરવા વસ્ત્રો *તૈયાર છે. કૃપા કરો ને અમને ધન્ય કરો!'*

પ્રભુ કંઈ લેતા નથી ને આગળ વધે છે. ત્યાં બીજા નગરજનો આવી પહોંચે છે. કહે છે : 'આજ અવસર આવ્યે નિરાશ કરશો મા, નાથ! લક્ષપાક તેલ તૈયાર છે, મર્દન કરો. ગંધકાષાયી વસ્ત્ર હાજર છે, સમાર્જન કરો. ગોશીર્ષચંદન તૈયાર છે, વિલેપન કરો, અને અમારે ત્યાં પધારો. દેવાંગના જેવી અમારી કન્યાઓને સ્વીકારો. તેમને સનાથ કરો. એમ કરીને એનો ને અમારો જન્મ સાર્થક કરો.'

પ્રભુ તો મૌન સેવે છે. નથી હસતા, નથી કંઈ કહેતા. એ તો આગળ ને આગળ વધ્યે જાય છે. કોઈ વળી હાથી ધરે છે, કોઈ ઘોડા ભેટ કરે છે. કોઈ યુવાવસ્થામાં આવેલી કન્યા અર્પણ કરે છે. પણ પ્રભુ જળકમળવત્ સહુથી દૂર જ રહે છે. બધા વિચારે છે : અરેરે! આપણા નાથને શું જોઈતું હશે? દયાનિધિને શાની વાંછના હશે? અરે, એમની કાંચનવરણી કાયા રજે ભરાણી છે. ક્ષુધાથી ક્ષામકુક્ષી બની છે. સ્નાન નથી, પાન નથી, ખાન નથી, તાંબુલ નથી, વાહન નથી, વૈભવ નથી, પ્રભુને આપે તો નવનિધિ પ્રગટે, પણ એમને તો સંસારના કોઈ રંગ છબતા નથી!

સંસારી જનો સંતાપ કરતા રહ્યા, ને પૃથ્વીનાથ તો ધીરે ધીરે આગળ ચાલ્યા ગયા – ભૂખ્યા ને તરસ્યા.

પણ શરીર છેવટે તો શરીર છે ને! આત્મા ભલે અનંત શક્તિમાન હોય, પણ દેહ તો પૌદ્ગલિક છે ને! ક્ષરણ, ઝરણ ને મરણધર્મી જ છે ને! એ વાહન ધીરે ધીરે નિર્બળ પડવા લાગ્યું. જે દેહ પર તપેલા સુવર્ણ જેવી કાંતિ હતી, ત્યાં શ્યામલતા પથરાણી.

કાયાનું પિંજર ડોલવા લાગ્યું. ગજ-મસ્તક જેવું શિર કંપી રહ્યું. કાનમાં ઝંઝાનિલ ગાજી રહ્યા. કુમળો છોડ હવામાં આમતેમ ડોલે તેમ પગ ડોલી રહ્યા. નવનવ ભાવે ચમકતી આંખોમાં સ્થિર તેજ આવીને વસ્યું. દેહનું એક અંગ ગળિયા બળદની જેમ ઢગલો થઈ જવા લાગ્યું.

જર્જરિત થયેલું મકાન જેમ ધસી પડવા ઇચ્છતું હોય ને એકાદ જબરજસ્ત થંભ એને થંભાવી રાખે, એમ પૃથ્વીનાથના હૃદયનો વજ્રનિશ્ચય દેહને ઢગલો થઈ જતાં અટકાવતો હતો.

આત્માનો અજેય યોદ્ધો એમ દેહની પાસે પોતાની હાર સ્વીકારે ખરો? છતાંય દેહ પ્રત્યે એમને તિરસ્કાર નહોતો.

દેહ ભલે દમવા જેવી, તપાવવા જેવી વસ્તુ હતી, છતાં ફગાવી દેવા જેવી વસ્તુ તો નહોતી. આ દેહના સાધન દ્વારા જ સાધ્ય હાંસલ કરવાનું હતું.

ભગવાન આત્મપ્રકાશ શોધવા નીકળ્યા હતા : ને એ શોધ માટે દેહની હસ્તિ અનિવાર્ય હતી. એ ન હોય તો એકાકી આત્મા શું કરી શકે? કુહાડી ગમે તેટલી તીવ્ર હોય, પણ હાથો ન હોય તો?

વળી જેમ દીપક તેલ વિના પ્રકાશતો નથી, વૃક્ષ જળ વિના જીવતું નથી, તેમ દેહ આહાર વિના ટકી શકતો નથી. ભગવાનને આહારની જરૂર હતી, પણ સાથે સાથે એ પ્રતિજ્ઞા હતી કે આહાર નિર્દોષ મળે તો જ સ્વીકારવો. ત્યાગીને યોગ્ય નિરવદ્ય ને એષણીય ખોરાકની આવશ્યકતા હતી.

એ વેળા ખાધેપીધે સુખી પ્રજા પેટની આ બળતરામાં ક્યાંથી સમજે? દુનિયામાં કોઈનું પેટ ઊણું નથી, તો પૃથ્વીપાલને વળી કંઈ પેટ પૂરવાની ખોટ હોય?

દિવસો વીતી ગયા. જેવા આહારની ભગવાનને ઇચ્છા હતી, એવો આહાર ન મળ્યો તે ન જ મળ્યો.

દિવસોના મહિના થયા, પણ મનની ધારણા ન ફળી.

મહિનાનું વર્ષ થયું. ઉનાળાના કૂપની જેમ પૃથ્વી-પાલનું પેટ હજી ખાલી છે. ખાલી પેટે એ ઘૂમી રહ્યા છે. દેહના દેદાર તો હવે જોવાય તેવા રહ્યા નથી. ક્યાં એ પ્રભુ – ક્યાં આજના પ્રભુ !

* —

આખરે હસ્તિનાપુર નગરીનાં મહાભાગ્ય જાગતાં હતાં. ધરતી પર વિહાર કરતા આદિનાથ ઋષભદેવ નગરીમાં પધારતા હતા.

જ્યાં જ્યાં આ સમાચાર પહોંચ્યા, ત્યાંત્યાંથી નગરજનો દોડી આવ્યા. કામ કરતા કારીગરો દર્શન કરવા ધસી આવ્યા. ખાતાં ને રમતાં બાળકો પણ રમત છોડી પ્રભુમુખદર્શને દોડી ગયાં. વેપારીઓએ વેપાર મૂક્યો. ખેડૂતોએ ખેતર સૂનાં મૂક્યાં. ગાયોનાં ધણનાં ધણ ચરતાં મૂકી ગોવાળો પ્રભુદર્શને આવી પહોંચ્યા. જેણે સમાચાર સાંભળ્યા, તે ઘડીના ય વિલંબ વિના ત્યાં આવી પહોંચ્યું. પોતાના તારણહારની પધરામણી – ભલા, પરમ પુણ્યે પ્રાપ્ત થતી પ્રભુમુખદર્શન–ની એ સુભગ ઘડી કોણ ગુમાવે ?

પણ આ શું જોઈએ છીએ ? પૃથ્વીનો પતિ ઉઘાડે મસ્તકે, અડવાણે પગે, છત્ર-ચામર વગેરે કશાંય રાજચિહ્નો

વિના રાજમાર્ગ પર એકાકી ચાલ્યા આવે છે. ઓહ ! કેવું હૃદયવિદારક દૃશ્ય ! દૃશ્ય જોઈ અનેકની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યા. અહો ! પૃથ્વીપતિને ઘેર તે શી ખોટ પડી ? એવું તે શું મનડું રિસાયું કે ભરી ભરી ધરતી પર સ્વામી ખાલીખમ ?

આંખમાં આંસુ, હૃદયમાં વેદના ને મનમાં કુતૂહલ લઈને બધાં નગરજનો જોતજોતાંમાં પ્રભુને વીંટળાઈ વળ્યાં.

બધેથી મણિમુક્તાના વરસાદ વરસ્યા. કેસર-ચંદન-કર્પૂરના કીચ રચાયા. બધે જેમ બનતું આવ્યું હતું તેમ અહીં પણ બન્યું. આ સંસારમાં ભોગોપભોગનો સંગ્રહ તો જાણીતો હતો. એને ત્યાગ અને એનો ત્યાગી અજાણ્યો હતો.

કોઈ કહે, અરે ! પૃથ્વીનાથ પગે ચાલે છે, માટે હાથી આપો. કોઈ કહે, ત્રિલોકીનાથને દેહવિલેપન માટે અંગરાગ આપો. રત્ન, મોતી ને પરવાળાં ધરો. મૃગ, મયૂર ને ધેનુ અર્પણ કરો. અરે, ત્રિલોકના નાથને ઘેર કઈ વાતની કમીના છે ! આજે એ તો આપણું પારખું કરવા નીકળ્યા છે ! રખે આપણે પાછા પડીએ ! દેહ માગે તો દેહ આપો. જીવ માગે તો જીવ આપો ! આપણે માટે પ્રભુથી વિશેષ કશુંય આ વિશ્વમાં નથી.

પણ બધી સંપત્તિ વચ્ચેથી, શરદના વાદળની જેમ ખાલીખમ ભગવાન આગળ વધ્યા. લોકોએ પ્રચંડ પોકાર પાડ્યો : ‘ આપણા ભર્યા નગરને શું કરુણાના અવતાર

પ્રભુ આમ ને આમ છાંડીને ચાલ્યા જશે? તો પછી આપણું આ જીવતર જીવવા જેવું રહેશે ખરું? આપણો જન્મ ધિક્ નહિ લાગે? આપણાં ઐશ્વર્ય અંગારા જેવાં નહિ ભાસે? અરે, શું આપણે ત્યાં ડાહ્યાઓનો દુકાળ પડયો છે? તપાસ કરો કે શા માટે પાણીમેં મીન પિયાસી!

એ વેળા દેશમાં રાજા ડાહ્યો માણસ ગણાતો. એનું ડહાપણ પ્રજાનું ને પૃથ્વીનું પાલન કરતું. એ પ્રજાને જમાડીને જમતો, પ્રજાને સુવાડીને સૂતો. એ પ્રજાના સુખે સુખી ને દુઃખે દુઃખી રહેતો. એવા રાજા પર પ્રજા પણ પ્રેમ કાં ન રાખે?

બધા દોડયા હસ્તિનાપુરના રાજવી સોમયશ પાસે.

પણ અરે! રાજા સોમયશ પણ કયાં પારકા હતા? ભગવાન ઋષભદેવના દ્વિતીય પુત્ર તક્ષશિલાના રાજવી અજિતવીર્ય બાહુબલિના એ પુત્ર હતા. પણ રાજા સોમયશ વળી એક નવીન વિચારણામાં ગૂંચવાયા હતા. રાજપ્રાસાદમાં રાજકુમાર શ્રેયાંસ અને નગરશેઠ સુબુદ્ધિ સાથે કંઈક વિચારણામાં પડયા હતા.

વાત એવી બની હતી કે રાજાને, રાજકુમારને અને નગરશેઠને ત્રણેને પ્રભાતકાળે એકસાથે સુંદર સ્વપ્ન લાધ્યાં હતાં.

રાજા સોમયશને સપનું આવ્યું હતું કે એક પરાક્રમી રાજા લડાઈમાં શત્રુઓથી ચારે તરફથી ઘેરાઈ ગયો, કુમાર શ્રેયાંસ એની મદદે ધાયો. શત્રુનો પરાભવ કરી એ રાજાને શત્રુઓથી મુક્ત કર્યો.

કુમાર શ્રેયાંસને વળી એવું સપનું લાધ્યું હતું કે કોઈ કારણે શ્યામ બનેલા સોનાના મેરુ પર્વતને એણે અમૃતકળશે અભિષેક કરી ઉજ્જવળ કર્યો.

નગરશેઠ સુબુદ્ધિને પણ એ જ વેળાએ ને એવું જ એક સ્વપ્ન લાધ્યું હતું કે સહસ્ર કિરણોથી પ્રકાશતાં સૂર્યનાં કિરણો જાણે વૃદ્ધ મોરનાં પીંછાંની જેમ એક પછી એક ખરવા લાગ્યાં. સૂરજ ઝાંખો પડ્યો. કુમાર શ્રેયાંસે સરી ગયેલાં એ કિરણોને જાણે લાવીને પુનઃ સ્થાપિત કર્યાં.

અરે, આપણને કોઈને કદી દુઃસ્વપ્ન તો લાધતાં નથી. કારણ કે આપણા દિલમાં કદી બૂરા વિચારો આવતા નથી તો આ સ્વપ્નાનાં શાં ફળ હશે ? – રાજા, રાજકુમાર અને નગરશેઠ ભારે વિમાસણમાં પડ્યા હતા.

સ્વપ્નના ફળ વિષે તો એકદમ નિર્ણય ન થઈ શક્યો, પણ એટલો તો નિર્ણય થયો કે જરૂર નજીકના ભવિષ્યમાં કુમાર શ્રેયાંસને હાથે કોઈ પુણ્યકાર્ય થવાનું છે !

ઉત્કૃષ્ટ સાધના અને તેની સિદ્ધિ કેટલી સમીપ હોય છે, એના ઉદાહરણરૂપ જાણે હોય તેમ દ્વારપાળ એ જ વેળા શુભ સંદેશ સાથે હાજર થયો. એણે કહ્યું :

'સ્વામિન્, ત્રણ લોકને પૂજ્ય પૃથ્વીનાથ ભગવાન ઋષભદેવ વન-જંગલોમાં વિચરતા આજે આપણા પુણ્ય-યોગે આપણા નગરમાં પધાર્યા છે.'

ત્રણે જણા હર્ષમાં આવી એકીસાથે બોલ્યા :

'ધન્ય ઘડી ! ધન્ય ભાગ્ય !
પ્રભુ આજ અમારે આંગણે !'

દ્વારપાળ આગળ બોલ્યો : 'સ્વામિન્, પણ એમના દેહની શી વાત કહું ? જાણે એ પ્રબળ પ્રતાપી પૃથ્વીનાથ જ નહિ ! હજારો શત્રુથી ઘેરાયેલા મહા યોદ્ધાના જેવી એમની ઝાંખી મુખમુદ્રા છે. સ્વામિન્, પહેલાં તો એમના મુખની આસપાસ સહસ્રરશ્મિ સૂર્યના જેવું તેજમંડળ રચાયેલું જોવાતું. આજે તો જાણે સર્વ કિરણ એમાંથી ઝરી ગયાં હોય એવું નિસ્તેજ લાગે છે. વધુ શું કહું, સ્વામિન્ ? સોનાનો મેરુ પર્વત જાણે શ્યામ પડી ગયો હોય એમ એમની કાંચનવરણી કાયા શ્યામ થઈ ગઈ છે. ડોલતો ડુંગર જાણે ચાલ્યો આવતો હોય એમ એ ચાલ્યા આવે છે. પ્રજાજનોએ અનેક પ્રકારની ભેટ ધરી પણ એ લેતા નથી. દિવસોથી મૌન સેવે છે, એટલે શું જોઈએ છે, તે પણ સમજાતું નથી. પ્રજાજનો ઇચ્છે છે કે આપ જલદી પધારો ને તેમને ખપતી વસ્તુ જાણો, નહિ તો પ્રભુ આગળ ચાલ્યા જશે અને દરિદ્રના ભિક્ષાપાત્રની જેમ આપણે આવેલા સદ્ભાગ્યથી વંચિત રહીશું. અરે ! જુઓ, આપણા રાજદ્વાર પર આવીને એ ઊભા રહ્યા.'

પોતાના પ્રતાપી પ્રપિતામહનું નામ સાંભળી યુવરાજ શ્રેયાંસકુમાર ભરી સભામાંથી દોડ્યા : ન પહેર્યાં ઉપાનહ કે ન ઓઢ્યું છત્ર ! ઉઘાડે માથે ને અડવાણે પગે એ દોડ્યા ! આજની ઘડી રળિયામણી કરવાની એને હૈયે તાલાવેલી જાગી હતી.

પ્રભુ મંદગતિએ ચાલતા શ્રેયાંસકુમારના ગૃહાંગણમાં

આવી પહોંચ્યા. શ્રેયાંસકુમાર દોડીને પ્રભુના પગમાં આળોટી પડ્યો. રંકના પાત્રમાં ચક્રવર્તીની ખીર ન સમાય, એમ એના હૈયામાં હર્ષ સમાતો નહોતો. પોતાના સુગંધી કેશથી તેણે પ્રભુના પગ લૂછ્યા, પ્રદક્ષિણા કરીને પુનઃ નમસ્કાર કર્યા. નમસ્કાર કરી પૂર્ણિમાના ચંદ્ર સમા પ્રભુમુખનું એ નીરખીનીરખીને દર્શન કરવા લાગ્યો.

પૂર્ણિમાના ચંદ્રનાં દર્શન કરતાં જેમ પોયણી ખીલી ઊઠે એમ પ્રભુમુખચંદ્રનાં દર્શન કરતાં કરતાં કુમાર શ્રેયાંસનું હૃદયકમળ ખીલી ઊઠ્યું. સંસારમાં ઘડીની કિંમત છે, યુગની નહિ. એ લાખેણી ઘડી શ્રેયાંસને લાધી. એના હૃદયમાં અપૂર્વ પ્રકાશ પથરાયો. એને કંઈક જૂનું સ્મરણ થવા લાગ્યું.

'અરે! પૂર્વે મેં પ્રભુને ક્યાંક જોયા છે!' ને આમ વિચારતાં એને જાતિસ્મરણજ્ઞાન થયું.

'હું કોણ? પ્રભુનો પૂર્વભવનો સારથિ! સ્વયંપ્રભાદિક અવતારમાં પણ હું તેમનો સાથી હતો. આજે એ મારા પ્રપિતામહ છે. અરે! મારે અને એમને તો નવ નવ ભવનાં સગપણ છે. એ સગપણ સાચું કરવા આજે એ પધાર્યા લાગે છે. અહા! એ તીર્થંકર થશે એવી વાણી મેં વજ્રસેન અરિહંતના મુખે પૂર્વભવમાં સાંભળી હતી. એ જ આ તીર્થંકર! એ જ આ અરિહંત! એ જ આ પોતે ત્રણ લોકના નાથ!'

आदिमं पृथिवीनाथमादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥

શ્રેયાંસકુમાર એક વખત આનંદથી નાચી ઊઠચો; પણ તરત જ એની નજર પ્રભુના દેહ પર ગઈ.

રાજા સોમયશ ને નગરશેઠ સુબુદ્ધિ પણ આવીને પ્રભુચરણમાં પડચા હતા. એમણે પણ અન્યની જેમ મણિ, મુક્તા ને ગજ-રથની ભેટ ધરવા માંડી, પણ કુમાર શ્રેયાંસ તરત બોલી ઊઠચો :

'અરે, આપણે કેવા મૂર્ખ છીએ! ભગવાને જેને અસાર સમજીને છાંડચું, તે જ અખાજ આપણે તેમને ભેટ ધરીએ છીએ! જો એમને એ જ જોઈતું હતું, તો આવા વેશે શા માટે નીકળી પડત? એમને ખજાને શી ખોટ હતી? અહા! પ્રભુએ વર્ષદહાડાથી ભોજન કર્યું નથી! પ્રભુને અન્નનો ખપ છે. અન્ન વિના એમનો દેહ આવો શિથિલ બન્યો છે. ચાલો, હું પ્રભુને પારણું કરાવું!'

શુભ કાર્યને સદા શુભ યોગ અનુસરે છે. પુણ્ય જાગતાં હોય ત્યારે પુણ્યસાધનાની તક આપમેળે આવી મળે છે. બરાબર આ જ વેળા ખેતરોના કોલુમાં પીલીને કાઢવામાં આવેલ શેરડીના રસના ઘડા લઈ કોઈ નગરજન આવી પહોંચ્યો.

શ્રેયાંસકુમારે જોયું કે નિર્દોષ, નિરવદ્ય આહારને યોગ્ય, બેંતાલીસ દોષથી મુક્ત આ ઈક્ષુરસ પ્રભુને યોગ્ય

છે. નિષ્પાપ નિરવદ્ય જીવનને યોગ્ય આ ખરેખર નિરવદ્ય પાપમુક્ત આહાર છે.

શ્રેયાંસે શેરડીના રસનું પાન કરવા પ્રભુને વિનંતી કરી.

પ્રભુએ કરપાત્ર લંબાવ્યું. ચારે તરફ જયજયકાર થઈ રહ્યો. કંઈ ન સ્વીકારતા પ્રભુએ સ્વીકાર માટે હસ્ત લંબાવ્યા ! અનન્ત એ કરપાત્રમાં શ્રેયાંસકુમારે શેરડીનો રસ ઢાલવવા માંડ્યો. એ પાણિપાત્ર, એ કરપાત્ર જાણે અફાટ મહાસાગર બની ગયું. એકસો-આઠ ઘડા એમાં સમાઈ ગયા. એટએટલા ઘડા પ્રભુના કરપાત્રમાં સમાઈ શક્યા, પણ આશ્ચર્ય છે કે શ્રેયાંસના ચિત્ત-પાત્રમાં એટલો હર્ષ ન સમાઈ શક્યો. એણે ઘડો લઈ હર્ષનૃત્ય આરંભ્યું.

દીક્ષા પછી વર્ષાન્તે, પ્રભુએ ઈક્ષુરસથી પારણું કર્યું. પ્રભુની સુદીર્ઘકાલીન ક્ષુધાનું એ પાવનકારી દિવસે શમન થયું.

નગરજનોએ ફરી જયજયકાર વર્તાવ્યો. આકાશમાં પંચદિવ્ય પ્રગટ થયાં. વાતાવરણ દુંદુભિનાદથી ગાજી ઊઠયું. સામાન્ય એવા શેરડીના રસમાં શ્રેયાંસકુમાર ભવોભવની બાજી જીતી ગયો. વસ્તુની મહત્તા નથી, ભાવની મહત્તા છે, એ વાત જગતે એ દિવસે જાણી. શ્રેયાંસનો આનંદ એના ચિત્તપાત્રમાં છલકાઈ ઊઠયો, એનાં રોમેરોમ રોમાંચિત થઈ ઊઠયાં.

આજે એણે નિષ્પાપ જીવનનો આદર્શ અને નિરવદ્ય

આહારનો મહિમા જગતમાં સ્થાપિત કર્યો હતો. એણે ક્યાંય સુધી માથે ઘડો મૂકી નૃત્ય કર્યા કર્યું, એ નૃત્યમાં પ્રજાજનો પણ ભળ્યા.

વૈશાખ શુક્લા તૃતીયાનો એ દિવસ ઈક્ષુરસના દાનથી અમર થઈ ગયો. પ્રભુએ વર્ષે દિવસે પારણું કર્યું. ત્રણ જગતના નાથનો અભિગ્રહ પૂરો થયો.

ઘેર ઘેર ઉત્સવ મંડાયો. શેરીએ શેરીએ જયજયકાર વર્તી ગયો. પ્રભુએ પારણું કરી શ્રેયાંસકુમારને તારી દીધો. દેવોને દોહ્યલું શ્રેયાંસે પ્રભુને દાન દીધું ને દેવોને દોહ્યલું મુક્તિદાન પ્રભુએ શ્રેયાંસને આપ્યું.

ધન્ય હો દાન લેનારને ! ધન્ય હો દાન દેનારને !

ઊંડા જળમાં મીન સરકી જાય તેમ પ્રભુ આ જયજયકાર વચ્ચેથી પારણું કરી આગળ વિહાર કરી ગયા.

*

દાન દઈ શ્રેયાંસકુમાર મહેલે આવ્યા.

આજે નગરજનોના આશ્ચર્યનો પાર નહોતો. પ્રજાજનોએ પોતાનું સર્વસ્વ પ્રભુચરણે મૂક્યું, છતાં પ્રભુએ એ તરફ નજરસરખી પણ ન કરી, અને શ્રેયાંસના શેરડીના રસમાં ત્રિલોકના નાથ લોભાયા. અરે, રસની તે શી કિંમત છે. કિંમત તો ભાવભર્યા હૃદયની છે. નહિતર આટલો રસ તો અમારા કોલુમાં રોજ એમ ને એમ ઢોળાઈ જાય છે.

વસ્તુ કરતાં ભાવની મહત્તા છે,—આ વાતનું રહસ્ય

જાણવા બધા નગરજનો શ્રેયાંસકુમારના ભવનમાં ભેગા થવા લાગ્યા. કચ્છ, મહાકચ્છ આદિ તાપસો પણ રહસ્ય સાંભળવા આવી પહોંચ્યા.

નગરજનોએ ખૂબ ઉત્સુકતાપૂર્વક કુમારને ઉદ્દેશીને પૂછ્યું : 'હે કુમાર! જગતમાં તમને ધન્ય છે કે પ્રભુએ તમારે હાથે ઈક્ષુરસનું પાન કર્યું. અમે જાણીએ છીએ કે એ ઈક્ષુરસની ધારા નહોતી, પણ ઉજ્જડ ભૂમિને ળદ્રૂપ કરતી પુષ્કરાવર્ત મેઘની ધારા હતી, જેણે તમારું તો શું, આપનારનું તો શું, પણ એ પાવન દૃશ્ય નજરે નિહાળનારનું પણ કલ્યાણ કર્યું. અરે, અમ દુર્ભાગીઓને હજાર વાર ધિક્કાર હજો કે અમારા સર્વસ્વ દાન સામે પ્રભુએ નજર સરખી પણ ન કરી! અરે! વર્ષોથી પુત્રની માફક અમારું પાલન કરનાર પ્રભુ પિતાએ અમને એક શબ્દ પણ એમની જરૂરિયાત વિષે ન કહ્યો! કેવી અમારી કર્મ-કઠણાઈ!'

શ્રેયાંસકુમારે સહુને સાંત્વન આપતાં કહ્યું :

'તમે એમ શા માટે બોલો છો? પ્રભુ આજે પૂર્વની પેઠે પરિગ્રહધારી રાજા નથી. તેઓ સઘળા પાપમય વ્યાપારોનો ત્યાગ કરી સાધુ થયા છે. એમણે રાગ, દ્વેષ, મોહ બધુંય ત્યજ્યું છે. પુત્ર-પરિવાર, રાજપાટ, ધનવૈભવ સઘળું છોડ્યું છે. પછી એ શા માટે તમારી હાથી, ઘોડા કે કન્યા જેવી તુચ્છ વસ્તુઓ સ્વીકારે?

'એમણે ક્ષણભંગુર રાજ્યસિદ્ધિને છોડી અમર

રાજ્યની શોધ આદરી છે. ભરી પૃથ્વીમાં બધું છાંડ્યું છે. ફક્ત જીવન જીવવા પૂરતી વસ્તુઓ – અને તે પણ કોઈની આપેલી – લેવાનું વ્રત લીધું છે. સાથે નિષ્પાપ જીવન જીવવા માટે નિષ્પાપ નિર્દોષ આહાર લેવાનો નિર્ણય કર્યો છે. દયાળુ પ્રભુ સર્વને અભય આપનારા છે, એટલે આહાર પણ નિર્દોષ, એષણીય કલ્પનીય ને પ્રાસુક સ્વીકારે છે.'

શ્રેયાંસકુમારે મુનિધર્મ સમજાવ્યો. નગરજનો એ સાંભળી કહેવા લાગ્યા : 'હે કુમાર ! આ શિલ્પાદિક વિદ્યાઓ પ્રભુએ કહેલ છે ને બતાવેલ છે, એટલે સહુ કોઈ જાણે છે. પણ તમે કહો છો તે મુનિધર્મ હજુ સુધી કોઈ જાણતું નહોતું, ને તમે ક્યાંથી જાણો ? ભગવાન તો પોતે મૌન સેવે છે.'

શ્રેયાંસકુમારે નગરજનોની શંકાનો જવાબ આપતાં જણાવ્યું : 'હે નગરજનો ! તમારી વાત સાચી છે. આજ પહેલાં મને પણ એ વાતનું જ્ઞાન નહોતું. પણ સૂર્યના ઉદયથી જેમ સૂરજમુખી વિકસે છે, એમ પ્રભુના દર્શનથી મારા અંતરનાં અંધારાં ઉલેચાઈ ગયાં. મને જાતિસ્મરણ-જ્ઞાન થયું. અને એથી મને આ બાબતની જાણ થઈ છે.'

'પ્રભુ સાથે તમારો પૂર્વજન્મનો સંબંધ કેવો હતો ?'

'સ્વર્ગ અને મૃત્યુલોકમાં પ્રભુ સાથે હું આઠ ભવ સુધી ફર્યો છું. મિત્ર તરીકે, પત્ની તરીકે, સારથિ તરીકે મેં એમની સેવા બજાવી છે. આ ભવથી અતિક્રાન્ત ત્રીજા ભવમાં ભગવંત વજ્રનાભ નામે ચક્રવર્તી હતા. હું તેમનો

સારથિ હતો. તેમના પિતા વજ્રસેનને મેં તીર્થંકરરૂપે જોયા હતા. વજ્રનાભે તેમની પાસે દીક્ષા લીધી. સ્વયં-પ્રભાદિક ભવોમાં પણ હું તેમની સાથે હતો.

'આ ઉપરાંત ગઈ રાત્રે મને, મારા પિતાશ્રીને તથા શ્રેષ્ઠી સુબુદ્ધિને ત્રણ પ્રકારનાં સ્વપ્ન લાધ્યાં હતાં. સવારે સભામાં એનો ખુલાસો થયો હતો. એ સ્વપ્ન અને તેનો અર્થ આ પ્રમાણે છે :

'મેં ગઈ કાલે સ્વપ્નમાં શ્યામ બનેલા સોનાના મેરુપર્વતને મારાથી દૂધથી પ્રક્ષાલિત કરાતો જોયો હતો. તેથી આજે આ પ્રભુ, જેઓ વ્રતમાં મેરુની જેમ અડોલ છે, તેઓ તપથી કૃશ થયેલા હતા, તેમને ઈક્ષુરસ વડે મેં પારણું કરાવ્યું.

'મારા પિતાશ્રીએ સ્વપ્નમાં જોયું કે ઘણા શત્રુઓ વડે ચોતરફથી ઘેરાયેલા કોઈ રાજાએ પોતાના પુત્ર શ્રેયાંસની મદદથી જય મેળવ્યો. એ રાજા તે પ્રભુ, ઘણા શત્રુઓ એટલે ક્ષુધા-પિપાસાદિ કષ્ટો, તેનો મેં મારા ઈક્ષુરસ વડે પારણું કરાવીને પરાભવ કર્યો.

'સુબુદ્ધિ શ્રેષ્ઠીએ સ્વપ્નમાં ભાળ્યું કે સૂર્યથી ચ્યવેલાં સહસ્ર કિરણો મેં સૂર્યમાં પુનઃ આરોપિત કર્યાં અને આથી સૂર્ય વધુ પ્રકાશવા લાગ્યો. સૂર્ય સમાન તે પ્રભુ, એમનાં સહસ્રકિરણ રૂપ જે કેવળજ્ઞાન તે આ અંત-રાયથી દૂર હતું, તે આજે મારા ઈક્ષુરસ વડે કરાયેલા પારણાથી જોડી દીધું, ને આથી પ્રભુ વધુ દીપવા લાગ્યા.

'પ્રજાજનો! આજે આપણો પુણ્યોદય જાગ્યો. એમનાં દર્શને આપણો જન્મ, આપણું જીવન ને આપણી લક્ષ્મી સાર્થક થયાં. ભગવાન પોતે મૌન સેવતા હતા. મુનિઓ મૌનની ભાષામાં જ વાત કરે છે. એમની ભાષા હૃદય-ભાષા હોય છે. બોલ્યા વિના સંભળાય. તેમણે જે પાઠ પઢાવ્યો તે યાદ રાખવો ઘટે. તેમણે જણાવ્યું કે લક્ષ્મી, રાજ્ય, ભોગ, સંપત્તિ વગેરે આખરે તો વિનશ્વર છે. એનાથી જેટલો ધર્મ સધાય તેટલો સાધી લેવો. ધર્મસાધન પૂરતું જ તેનું મહત્ત્વ છે. આ જીવિત વીજળીના ચમકારા જેવું અસ્થિર છે. લક્ષ્મી સંધ્યાના રંગો જેવી ચપળ છે. સંસાર આખાનું સ્વામિત્વ પણ સંસારનાં મોજાં જેવું ક્ષણભંગુર છે. ભોગઉપભોગ ભુજંગની ફણાની જેમ વિષમ છે, સંયોગ સ્વપ્નની જેમ મિથ્યા છે. એ એક દિવસ આપણને નષ્ટભ્રષ્ટ કરીને, છોડીને ચાલ્યાં જાય તે પહેલાં આપણે, તેઓને સ્વેચ્છાએ છોડી દેવાં ઇષ્ટ છે.

'મહાનુભાવો! ભગવાનનાં પાવનકારી દર્શનથી મારાં ભવોભવનાં અંધારાં ઉલેચાયાં છે. હું જોઈ રહ્યો છું કે માયામાં ડૂબેલો જીવ, શિકારી રીંછને વાળથી પકડે એમ પકડાઈ ને દુઃખ પામી રહ્યો છે.

'સ્વાર્થી જીવો, લોક કૂતરાને લાકડાથી મારે તેમ નિર્ભર્ત્સના ભોગવી રહ્યા છે.

'લોભી જીવો, કુંભાર માટીને ગદડે તેમ, લોભથી ગદડાઈ રહ્યા છે.

'મત્સર કરનારા જીવો, ભૂતાવેશવાળો જે રીતે માર ખાય તેમ, માર ખાઈ રહ્યા છે.

'આપણી દશા ગમે તેટલા જળથી સંતુષ્ટ ન થનાર ને પરિણામે ખારોધૂધ બનનાર સાગર જેવી છે. ભગવાને આજે મૌનવાણીમાં એ બધાંથી મુક્ત થવા કહ્યું, ને જીવ-માત્રમાં વસી રહેલ અનન્ત બલ, વીર્ય ને પરાક્રમ તથા શ્રદ્ધા, ધૈર્ય ને સંવેગને રસ્તે આપણું વીર્ય ફોરવવા, પરાક્રમ પ્રસારવા સૂચવ્યું.'

આ વાત સાંભળી સંતુષ્ટ થયેલાં ભાવભીનાં પ્રજાજનોએ કુમાર શ્રેયાંસને પ્રશ્ન કર્યો : 'ઓ ઋષભકુલદીપક ! અમે તમારી પાસેથી એટલું જાણવા ઈચ્છીએ છીએ કે આવા દયાળુ, માયાળુ, કરુણાળુ ત્રિલોકીનાથને પણ આટલો સમય ક્ષુધા-પિપાસા શા કારણે નડી ? ધર્મીને ઘેર ધાડ કાં પડી ?'

'ભાઈઓ ! તમે ઠીક પ્રશ્ન કર્યો. એ કર્યાં કર્મનો બદલો હતો. કરેલાં કર્મ પૃથ્વીનાથને પણ છોડતાં નથી. ભગવાનના પાછલા ભવની એ વાત છે. તમે શાંત ચિત્તે સાંભળજો.'

*

'ચોમાસું ચોધારે વરસી ગયું છે. કારતકમાં કાપણી થઈ છે. માગશરે ડૂંડાં પિલાય છે. શું ધાન પાક્યાં છે ! છીપમાં મોતી સમાતાં નથી, તેમ ડૂંડામાં કણ માતા નથી. ખળું આખું ભરાઈ ગયું છે. ખેડૂત શંબલને હૈયે હર્ષ માતો નથી !

શંબલ મનસૂબા ઘડે છે : 'આ દાણા વેચી આ વખતે નવું ઘર બંધાવીશ. એક નાત જમાડીશ, બનશે તો ધુમાડાબંધ ગામ જમાડીશ.'

શંબલની ઘરવાળી મનમાં ઘોડા ગંઠે છે : 'ઓણ સાલ દીકરાનું વેવિશાળ કરી નાખવું છે. દીકરીનું આણું પણ કરી નાખવું છે. વારે વારે કંઈ વરસ સારાં આવતાં નથી. પૂરું સોનું લાવવું છે. એ તો ઘા ભેગો ઘસરકો. ભેગાં ભેગાં ઘરેણાં મારે માટે પણ ઘડાવી લઈશ.'

ખેડૂતનો દીકરો લાકડાની ઘોડી પર ચડી અનાજ વાવલતો હતો. લાકડાની ઘોડી પર બેઠો બેઠો એ ચઢવા માટે જીવતી માણકી ઘોડી લાવવાનો વિચાર કરી રહ્યો હતો. આ ફાગણને મેળે તો માણકી ઘોડી પર જ મશરુનો સમાન નાખીને જવું છે!

સહુ પોતાના મન-સુખની દુનિયામાં ભૂલા પડ્યા છે. સામે ખળાંમાં બળદ પોરો ખાય છે. રોજ તો બળદને બરાબર નીરણ થતી. આજ પોતપોતાના આનંદમાં મગ્ન બનેલા સહુ બળદોને ચારો નીરવાનું ભૂલી ગયા છે.

સુખ એવું છે. એ પોતાને પણ ભુલાવી દે છે! બળદ ખળાનાં ડૂંડાંને કદી નહોતા અડતા, પણ ભૂખ કોનું નામ! આજ ભૂખ્યા બળદ ડૂંડાં ખાઈ રહ્યા છે. ખાવાનો વાંધો નહિ, પણ ઢોરની જાત ખરી ને! જેટલું ખાય છે એનાથી વધુ બગાડી રહ્યા છે.

અચાનક શંબલ ખેડૂતની નજર ત્યાં ગઈ. અરે!

પોતાના સોનાના કણ જેવા પાકને આ નગુણા બળદો ખાઈ જાય છે! ને ખાય છે એનાથી વધુ બગાડ કરે છે. એ રાશ લઈને દોડ્યો. ધોળા ઈંડા જેવા જાતવાન બળદોને રાશે ને રાશે સબોડવા લાગ્યો.

રાજા રિષભ એ વખતે ત્યાંથી પસાર થતા હતા. એ વખતના રાજા પગે ચાલતા. વાડી ને વગડે ફરતા. પ્રજાનાં સુખ-દુઃખ વિચારતા. એમાં આ રાજા રિષભે તો જંગલી જાનવર જેવા માણસને માણસ બનાવ્યો હતો. ખેતી કરતાં શીખવી હતી. કપડાં વણતાં શીખવ્યું હતું. ઘર બાંધતાં શીખવ્યું હતું. માણસ-માણસ વચ્ચે સંબંધ સાંધ્યા હતા. સમાજ રચ્યો હતો.

એવા રાજા રિષભે ખેડૂતને જોયો. એના ક્રોધને જોયો. રાશે રાશે બળદને સબોડતો જોયો. એમનું અંતર કકળી ઊઠ્યું.

*'ભાઈ! આ અબોલ જીવ છે. એ કાંઈ સમજે છે?* આના કરતાં એના મોં પર મોસરિયું બાંધ ને.'

ખેડૂત રાજા રિષભને જોઈ શરમાઈ ગયો. એણે કહ્યું : 'પ્રભુ! મોસરિયું બનાવતાં ને બળદને બાંધતાં મને આવડતું નથી! મહેરબાની કરીને આપ કરી બતાવો.'

રાજા રિષભે પાતળી દોરી લીધી. એને આંટા પાડીને બળદને મોંએ ભરાવી શકાય તેવું મોસરિયું ગૂંથી આપ્યું.

ખેડૂતે એ મોસરિયું બળદને મોઢે બાંધ્યું!

ભૂખ્યા બળદોનું મોં હવે બંધાઈ ગયું. હવે તેઓ અનાજ ખાઈ શકતા નહોતા. તેઓ સવારના ભૂખ્યા હતા. તેમણે ભૂખના દુઃખે ને ત્રાસે લાંબા નિસાસા નાખ્યા.

ખેડૂત તો ફરી પોતાના કામમાં મશગૂલ બની ગયો. એને બળદોના નિસાસાની પડી નહોતી, પણ રાજા રિષભ તો પશુના આત્માને પણ પિછાણનારા હતા. એમણે નિસાસા સાંભળ્યા, સાંભળીને ગણ્યા – પૂરા ૩૬૫ !

એમણે ખેડૂતને બોલાવ્યો ને કહ્યું : 'બળદ ભૂખ્યા છે એનો વિચાર તો કર ! મોસરિયું બાંધ્યું એટલે બસ તારું કામ પત્યું ? અબોલની આંતરડી ન દુઃખવીશ. અબોલના આશીર્વાદ લઈશ તો તારા ખેતરમાં સોનું પાકશે.'

ખેડૂત પોતાની ભૂલ સમજ્યો. એણે બળદને દૂર લઈ જઈને બાંધ્યા ને મોસરિયું છોડી ઘાસ નીર્યું.

દયાળુ રાજા વિચાર કરવા લાગ્યો કે મેં બળદને માર ખાતા બચાવવાની દયાથી મોંબંધણું બતાવ્યું, પણ એ મોંબંધણું કોઈ કંજૂસ ખેડૂત બળદોને ભૂખ્યા મારવાના ઉપયોગમાં લે તો ?

રાજા રિષભ વિચાર કરતા ચાલ્યા ગયા.

વાત પૂરી કરતાં શ્રેયાંસકુમારે કહ્યું :

'ભાઈઓ ! મોટા મોટા મુનિઓને પણ કર્યાં કર્મ ભોગવવાં પડે છે. એમાંય ભૂખનું દુઃખ ભારે છે. પ્રભુએ આ બળદને અનાજ ખાતા રોકચા. એણે ૩૬૫ નિસાસા

નાખ્યા. એક એક નિસાસાએ એમને એક એક દિવસ ભૂખ્યા રાખ્યા! અબોલની આંતરડી કકળાવવી એ પાપનું કામ છે!'

સહુ કહે : 'અજબ છે ભાઈ ભૂખનું દુઃખ! આજથી અમે પણ ખવરાવીને ખાઈશું. કોઈના પેટ પર પાટુ મારશું નહિ. કોઈના પેટનો હક છીનવી લઈ અમારા પેટ પર પોટલા બાંધશું નહિ. ભૂખ્યાને અન્નદાન એ મોટો ધર્મ માનશું.'

'પ્રજાજનો! સારાં કાર્યોની સૂચના પ્રકૃતિથી પહેલી મળી રહે છે. માટે નિર્દોષ જીવન, નિર્દોષ આહાર, દાન તરફ ભાવભરી રુચિ, લેવા કરતાં દેવામાં આત્મકલ્યાણની દૃષ્ટિ વગેરે સુકર્તવ્યો તરફ રુચિ રાખવી, ને પ્રભુએ પ્રવર્તાવેલ માર્ગે આત્મકલ્યાણ કરવું.' આ પ્રમાણે શ્રેયાંસ-કુમારના મુખેથી બધું જાણીને નગરજનો પોતપોતાના સ્થાને ગયાં.

શ્રેયાંસકુમારને પોતાનું જીવન આજે ધન્ય લાગતું હતું.

*

દીક્ષા લીધા પછી યોગી ઋષભ દેશના જુદાજુદા ભાગોમાં વિચરતા હતા. ક્યારેક ખંડેરમાં તો ક્યારેક સ્મશાનમાં ધ્યાન લગાવતા હતા. તેઓ અંતરના શત્રુને જીતતા હતા. અયોધ્યા નજીક આવેલા પુરિતતાલ નામના એક પરાના બગીચામાં તેઓ ધ્યાન ધરતા હતા. આ સમયે તેમણે અંતરના શત્રુઓ પર પૂરેપૂરો વિજય મેળવ્યો. દીક્ષા લીધા

બાદ એક હજાર વર્ષ પછી ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેમણે લોકોને ઉપદેશ આપ્યો : 'કોઈ જીવને મારવો નહિ, બધાંની સાથે હેતથી રહેવું. જુઠું બોલવું નહિ. ચોરી કરવી નહિ. શિયળવ્રત પાળવું. સંતોષથી રહેવું.' ઘણા લોકો આ ધર્મ પાળવા લાગ્યા. ઋષભદેવે એક સંઘ સ્થાપ્યો. આ સંઘને તીર્થ પણ કહેવાય છે. અને તેથી આદિનાથ પહેલા તીર્થ કરનારા એટલે તીર્થંકર થયા.

આદિનાથ ભગવાનના પરિવારમાં ચોર્યાશી હજાર સાધુઓ, ત્રણ લાખ સાધ્વીઓ, ચાર હજાર સાતસો પચાસ ચૌદ પૂર્વધારી, વીસ હજાર કેવળજ્ઞાની, ત્રણ લાખ પચાસ હજાર શ્રાવકો અને પાંચ લાખ ચોપન હજાર શ્રાવિકાઓ હતી. પોતાના નિર્વાણનો સમય નજીક આવેલો જાણી તેઓ અષ્ટાપદ નામના પહાડ પર ગયા. ત્યાં સર્વ આકાંક્ષાઓ છોડી સમભાવમાં સ્થિર થયા. છઠ્ઠા દિવસે તેઓ નિર્વાણ પામ્યા. આજે પણ લોકો સવારે ઊઠીને ભગવાન આદિનાથનું સ્મરણ કરે છે.

□

# ભગવાન ઋષભદેવ

## કેટલીક વિગતો

### ભગવાનશ્રી ઋષભદેવના પૂર્વભવ

| | |
|---|---|
| ૧. ધન્ના સાર્થવાહ (શ્રેષ્ઠી) | ૭. યુગલ |
| ૨. ઉત્તર કુરુક્ષેત્રમાં મનુષ્ય | ૮. સૌધર્મ કલ્પમાં દેવ |
| ૩. સૌધર્મ કલ્પમાં દેવરૂપે | ૯. જીવાનન્દ વૈદ્ય |
| ૪. મહાબલ (શતબલ રાજાના પુત્ર) | ૧૦. અચ્યુત દેવલોક |
| | ૧૧. સમ્રાટ વજ્રનાથ |
| ૫. લલિતાંગ દેવ | ૧૨. સર્વાર્થસિદ્ધ |
| ૬. સમ્રાટ વજ્રજંઘ | ૧૩. શ્રીઋષભદેવ |

**માતા મરુદેવીને આવેલાં સ્વપ્ન–**

૧. હાથી, ૨. વૃષભ, ૩. સિંહ, ૪. લક્ષ્મી, ૫. પુષ્પમાલા, ૬. ચંદ્ર, ૭. સૂર્ય, ૮. ધજા, ૯. કુંભ, ૧૦. પદ્મસરોવર, ૧૧. ક્ષીરસમુદ્ર, ૧૨. વિમાન, ૧૩. રત્નરાશિ, ૧૪. નિર્ધૂમ અગ્નિ.

**સંઘ–**

ભગવાનની વાણીથી ભગવાનના સંઘમાં ૮૪ હજાર શ્રમણ બન્યા, અને ૩ લાખ શ્રમણીઓ બની. ૩ લાખ ૫૦ હજાર શ્રાવક અને ૫ લાખ ૫૪ હજાર શ્રાવિકાઓ થઈ.

**ઋષભદેવના શ્રમણોને** ગુણની દૃષ્ટિએ સાત વિભાગમાં વહેંચી શકાય :

**(૧) કેવળજ્ઞાની** — કેવળજ્ઞાની અથવા પૂર્ણ જ્ઞાનીઓની સંખ્યા વીસ હજારની હતી. તેઓ પૂર્ણ જ્ઞાન ધરાવતા હતા અને ધર્મોપદેશ આપતા હતા.

(૨) **મનઃપર્યવજ્ઞાની** — એમની સંખ્યા ૧૨૬૫૦ હતી. તેઓ મનના જાણકાર હતા અને સમનસ્ક પ્રાણીઓના માનસિક ભાવોના જ્ઞાતા હતા.

(૩) **અવધિજ્ઞાની** — તેઓની સંખ્યા નવ હજારની હતી. રૂપ, રસ, ગંધ અને સ્પર્શયુક્ત સમસ્તરૂપી પદાર્થો( પુદ્ગળો )ના જ્ઞાતા હતા.

(૪) **વૈક્રિયર્દ્ધિક** — આ પ્રકારના શ્રમણની સંખ્યા વીસ હજાર છસ્સો હતી. આવા યોગસિદ્ધિ મેળવેલા શ્રમણ મોટે ભાગે જપ, તપ અને ધ્યાનમાં લીન રહેતા.

(૫) **ચતુર્દશપૂર્વી** — આવા શ્રમણની સંખ્યા ૪૭૫૦ હતી. તેઓ અક્ષરજ્ઞાનમાં પારંગત હોવાથી બાળકોને શાસ્ત્રાભ્યાસ કરાવતા.

(૬) **વાદી** — એમની સંખ્યા છે ૧૨૬૫૦. તર્ક અને સિદ્ધાંતોની ચર્ચા કરવામાં પ્રવીણ હતા અને શાસ્ત્રાર્થ કરાવી સહુને આર્હત ધર્મ તરફ વાળતા.

(૭) **સામાન્ય સાધુ** — આમાં સામાન્ય શ્રમણનો સમાવેશ થાય છે, જેઓ અધ્યયન, તપ, ધ્યાન તેમ જ સેવા-સુશ્રુષા કરતા હતા.

## શ્રી ઋષભદેવનાં પુત્ર અને પુત્રીઓનાં નામ-

૧. ભરત, ૨. બાહુબલી, ૩. શંખ, ૪. વિશ્વકર્મા, ૫. વિમલ, ૬. સુલક્ષણ, ૭. અમલ, ૮. ચિત્રાંગ, ૯. ખ્યાતકીર્તિ, ૧૦. વરદત્ત, ૧૧. દત્ત, ૧૨. સાગર, ૧૩. યશોધર, ૧૪. અવર, ૧૫. થવર, ૧૬. કામદેવ. ૧૭. ધ્રુવ, ૧૮. વત્સ, ૧૯. નન્દ, ૨૦. સૂર, ૨૧. સુનન્દ, ૨૨. કુરુ, ૨૩. અંગ, ૨૪. વંગ, ૨૫. કૌસલ, ૨૬. વીર, ૨૭. કલિંગ, ૨૮. માગધ, ૨૯. વિદેહ, ૩૦. સંગમ, ૩૧. દશાર્ણ,

૩૨. ગંભીર, ૩૩. વસુવર્મા, ૩૪. સુવર્મા, ૩૫. રાષ્ટ્ર, ૩૬. સુરાષ્ટ્ર, ૩૭. બુદ્ધિકર, ૩૮. વિવિધકર, ૩૯. સુયશ, ૪૦. યશઃકીર્તિ, ૪૧. યશસ્કર, ૪૨. કીર્તિકર, ૪૩. સુષેણ, ૪૪. બ્રહ્મસેણ, ૪૫. વિક્રાન્ત, ૪૬. નરોત્તમ, ૪૭. ચંદ્રસેન, ૪૮. મહસેન, ૪૯. સુસેણ, ૫૦. ભાનુ, ૫૧. ક્રાન્ત, ૫૨. પુષ્પયુત, ૫૩. શ્રીધર, ૫૪. દુર્દ્ધર્ષ, ૫૫. સુસુમાર, ૫૬. દુર્જય, ૫૭. અજયમાન, ૫૮. સુધર્મા, ૫૯. ધર્મસેન, ૬૦. આનંદન, ૬૧. આનંદ, ૬૨. નંદ, ૬૩. અપરાજિત, ૬૪. વિશ્વસેન, ૬૫. હરિષેણ, ૬૬. જય, ૬૭. વિજય, ૬૮. વિજયન્ત, ૬૯. પ્રભાકર, ૭૦. અરિદમન, ૭૧. માન, ૭૨. મહાબાહુ, ૭૩. દીર્ઘબાહુ, ૭૪, મેઘ, ૭૫. સુઘોષ, ૭૬. વિશ્વ, ૭૭. વરાહ, ૭૮, વસુ, ૭૯. સેન, ૮૦. કપિલ, ૮૧. શૈલવિચારી, ૮૨. અરિંજય, ૮૩. કુંજરબલ, ૮૪. જયદેવ, ૮૫. નાગદત્ત, ૮૬. કાશ્યપ, ૮૭. બલ, ૮૮. વીર, ૮૯. શુભમતિ, ૯૦. સુમતિ, ૯૧. પદ્મનાભ, ૯૨. સિંહ, ૯૩. સુજાતિ, ૯૪. સંજય, ૯૫. સુનામ, ૯૬. નરદેવ, ૯૭. ચિત્તહર, ૯૮. સુખર, ૯૯. દૃઢરથ, ૧૦૦. પ્રભંજન.

**પુત્રીઓ :** ૧. બ્રાહ્મી, ૨. સુંદરી,

□

શ્રેણી : ૨
પુસ્તક : ૧

શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ પ્રકાશન



